GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# The Interrelation Between Literature and Society: Feminism in Literature

**Gautam Kalpana, Rajendra Jani**

(Ph.D. Scholar)
Department of Sociology,
Gujarat University, Ahmedabad.

Professor And Head
Gujarat University, Ahmedabad.

### Abstract

*Literature is not just entertainment, it is a fundamental force that educates, connects and empowers individuals and societies, making it a cornerstone of human civilization. In literature, we find stories designed to portray human life and action through some characters who, by their words action and reaction, convey certain messages for the purpose of education, information and entertainment, so literature is a reflection of the society and works as a mirror to the society. In order to become an important part of the living society women need to go through various problems and social obstacles. In the past the situation was worse they were isolated and neglected and even treated badly by the dominant gender i.e. male. Now the image of the woman has changed completely the truth lies within the fact the society has separated the roles of two genders in the world community, men have been considered superior and women have been considered as a creatures. Feminism is born out of tiredness and frustration against inequality. It has been used to raise the voice for the rights in the world of every possible aspect. This paper provides an overview of feminist perspectives in literature, highlighting key theoretical frameworks and their application is analysing and interpreting text. It also discusses the impact of feminist literature on society, including its role in shaping public discourse, influencing social and political moments, and contributing to academic scholarship. The goal of feminism in India is to define, develop and protect the political, social, economic, and equal opportunities sites for Indian women. In India women fight for gender equality, the right to equal pay for equal work, the right to equal access to the health, education and politics as well as for food because in rural areas, women farm workers receive lower wages as in compared to males, they are also not allowed property inheritance, Indian feminists struggle against the patriarchal culture. The male is all-in-all in the whole literature and the female is a subservient, unimportant, marginal and ordinary creature. It happens not only in literature but also in criticism and for this literary artists and critics are biased by patriarchy and gender. So the feminists challenge patriarchy, the concept of gender and one-sided evaluation of literary output which established their general ideology. It is necessary to take a close look at works of literature in order to understand how literature actually reflects society.*[5]

*Society- Refers to a large grouping of individuals involved in persistent social interaction, sharing a common culture, institutions, norms and a collective sense of identity. It is a complex web of relationships and a framework that influences human behaviour, beliefs and interactions.*

*Literature- Is broadly any return work but narrowly refers to text with artistic merit, exploring human experience*

https://www.gapbhasha.org/

*through creative forms like novels, poetry and drama, preserving knowledge, influencing society, and conveying universal themes beyond simple utility, and encompassing everything from ancient epics to digital narratives. Sociology of literature-Is an interdisciplinary subfield of the sociology of culture that studies the reciprocal relationship between a literary work and the social structure in which it is created and consumed. It treats literature as a social phenomenon using sociological methods to understand societal aspects within text and how literary forms relate to social conditions.*

***Keywords:*** *Feminism, Patriarchy, Gender, Literature, Education, Female Empowerment.*

## INTRODUCTION

Literature is the mirror to society. It depicts the close association of people in life because literature revolves around people and their thought processes over the time. Literature has always been considered as culture and it is a value. So, literature can affect the mindset of the people, it is the expression of the people in different forms like feelings, ideas, beliefs etc so true feelings can be taken out through any form of literary work.Our society has already passed the judgement that men are superior and women are inferior. Yes they are different, they are different in terms of biological, psychological and cultural aspects. But these differences cannot give power to one gender to be seated at the top most seat. Feminism in literature has been used as a tool to fight for equal rights because literary works have often shown the differences on the basis of group interests. In order to show the difference, they have depicted men as superior and powerful. On the other hand, women have been shown as an object which is very weak and can be safe under male domination. The term feminism – originates from the Latin word 'femina' meaning 'woman' thereby refers to the advocacy of women's rights seeking to remove restrictions that discriminate against women. In other words, it relates to the belief that women should have the social, economic and political rights as men. According to the Cambridge online dictionary, feminism is the "belief that women should be given the same rights, power, and opportunities as men and be treated in the same way, or the set of activities intended to achieve this state". The English term "feminism" is an interpretation of the French word "feminism". A cultural, political, or economic movement promoting gender equality is referred to as "feminism" and its own right sociological and political views about gender difference are a part of the feminist movement. Feminism is a fight for women's quality and a fight against all types of patriarchal violence. Today's feminist authors unabashedly promote "womanhood" in their writings. There has to be a shift in the notion that feminism is good for people of all genders, instead of supporting female dominance, it seeks to promote gender equality. The long standing gender stereotypes are Now being challenged by feminism which has acknowledged them.

The importance of feminist perspectives in literature lies in their ability to challenge traditional narratives and offer alternative viewpoints that reflect the experience of women and marginalised groups.As Bennett and Royle (2016) Suggest, feminist perspectives in literature can lead to greater empathy and understanding fostering a more nuanced and comprehensive view of human experience. Female empowerment is a recurrent theme in contemporary feminist literature, illustrating the ways in which women can reclaim their agency and affect their identities.[3]

Shashi Deshpande is a well-known Indian feminist writer with seven novels and four collections of short stories. She writes about how females feel inside. She employs psychological realism to portray women contending with

https://www.gapbhasha.org/

societal expectations, emotional repression and individual challenges. Her main characters aren't revolutionaries, they are just normal women who ask questions, go through hard times, and slowly learn more about themselves. Deshpande's writing is full of moral ambiguity, self- reflection and deep emotions. It doesn't make it clear who is good and who is bad.[2]

In her work, silence is a common theme. In her novels, women are often silenced by family structures, marriages and social expectations. But she also shows silence as a place where women can think and fight back, where they start to question their roles and look for new ones. Women frequently experience emotional entrapment in marriage due to the expectation to prioritize their husband's needs over their own. She looks at how marriage limits women by forcing them to put their husbands' needs ahead of their own. Her protagonists often experience isolation and lack substantial communication or emotional support, leading to internal conflict and subsequent self- discovery. In her books, self discovery does not happen quickly or dramatically. Instead it is a slow, painful and often unclear process that involves facing guilt, rethinking family ties, and admitting feelings that have been buried. This nuanced portrayal exemplifies a uniquely Indian feminist perspective, emphasizing that change originates from internal transformation rather than explicit rebellion. She wrote two novels that look at the emotional cost of a woman's silence in marriage and society: That Long Silence -(1989) and The Dark Holds No Terrors-( 1980). Both books show how important it is to find yourself and fight for your own freedom in traditional relationships. She combines the elements of liberal and radical feminism in her portrayal of marital oppression, psychological conflict and self discovery. It shows how hard it is for women who are stuck in traditional roles to find their Own identity and self-worth.

Her novel, That Long Silence earned her the prestigious Sahitya Academy Award. The major themes of her novels include man-woman relationship, human desire, longing, gender discrimination, marginalization, protest and patriarchy. In the novel, That long silence, she focuses on gender discrimination impact of patriarchy, conflicts in conjugal life, subordinate position of females, and wrong child rearing practices persisting in Indian society. Since childhood girls are taught to suppress their feelings in order to fit in the frame of ideal woman created by society. Jaya, the protagonist of the novel, is a victim of gender discrimination and patriarchy. After marriage, she becomes voiceless in order to remain happy in conjugal life. She never opposed or confronted her husband in order to save our marriage, because divorce is considered a taboo in contemporary middle class Indian society.

This long silence of Jaya is an expression of the silence of the modern Indian housewife. In India patriarchal society there is no self – identity for a woman. But the situation for highly educated women is very tough. She has her own point of view on a particular situation. Jaya was the neglected child of the family, she always feels different in her mothers attitude towards her and her brothers. After her father's death the responsibility of her marriage was transferred to his brother's shoulders and she got married to Mohan. She does not believe in patriarchal notions but still follows the same path out of helplessness. At the time of her marriage, her husband changed her name from Jaya to Suhasini, and even cut her hair as per her husband's choice, dressed according to her husband's choice. Jaya's married life was stable but disaster came when her husband was blamed for his involvement in a financial malpractice and enquiry against him was set up and at that time their children Rahul and Rati were away on long tour with their family friends at that time, so he expects Jaya to go into hiding with him but she denies complaining with Mohan .He left home without saying anything to her and now she was alone at home and had plenty of time to analyse her marital relationship with husband she realises that

https://www.gapbhasha.org/

Mohan has lost interest in her. Now, her focus came to herself, she decided to articulate her long silence, her doubts, fear and her inner thoughts which she has suppressed for 17 years to save her marriage she has left her writing career as well for her husband's sake. She has decided not to be passive and silent any more. Jaya strikes a great contrast to the woman by our consciousness to assert her self identity. This novel is the journey of Jaya the (main character of story) protagonist of That long silence from patriarchal suppression towards self – realisation.[1]

## CONCLUSION

The emergence of feminism was the need of the hour. They fight to uplift their status from a creature to a productive asset to society. Feminist perspectives in contemporary literature have profoundly impacted both the literature world and the society at large. The case studies of novels, poetry and place demonstrate the varied ways in which feminist authors convey their messages, each contributing to the broader feminist movement. The influence of feminist literature extends beyond the return word, shaping public discourse, supporting social and political moments, and enriching academic scholarship. As a society continues to evolve, feminist literature will remain a vital and transformative force, educating for equality and justice to all. Cultural, economic and political movements aimed at giving women full length protection and equality are referred to as feminism. Feminism emphasises empathy, respect and understanding from male peers rather than focusing primarily on equality and the rights of women. The dominant attitude of the males throughout today's society is the primary reason why women are dissatisfied, women have suffered in silence and feminism specifically addresses this issue. The field of feminist literature in India is diverse, ranging from women and women's issue across the whole spectrum of Indian literature especially among the novels, and women authors from dalit, tribal or rural background and the intersectionality of the position of women with that of the poet or the writer. Future studies should look at regional language literature, digital storytelling, and emerging feminist genres including graphic novels, spoken word poetry and auto fiction. Indian women's writing is an ever- changing, constantly broadening area of defiance and representation.

These stories make the literary as well as social world a fairer, more open and understanding place. Looking ahead, the strength and flexibility of Indian feminist writing will keep it relevant. As it engages with pressing environmental, economic and political issues, feminist literature will remain a vital force. It will not only represent women's voices but also challenge and reshape the very foundations of storytelling and justice. In this light, literature serves not just as a reflection of society but as a powerful instrument for meaningful change.[4]

## REFERENCES

[1] Burkee Rupalee. "The search for a voice: A study of Sashi Deshpande's "That Long Silence" Sashi Deshpande: A critical Elucidation Ed. Amarnath Prasad New Delhi; Sarup publishers, 2008.
[2] Shashi DeshPande "That long silence" New Delhi: Penguin 1989
[3] Gangoli, G (2007) Feminism; Law, Patriarchies and Violence in India Delhi: Ashgat.
[4] Robbins Ruth (2000) Literary Feminism, London, Macmillan
[5] Albrecht, Milton C "The Relationship of literature and society"American Journal of Sociology,1954.

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# ઝવેરચંદ મેઘાણીની 'યુગવંદના'નું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ

**મહેન્દ્રકુમાર એસ. રાઠોડ**

(પીએચ.ડી. સ્કોલર)
સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી
ઈ–મેઈલ: mahendrayaad@gmail.com

**સારાંશ:**

*સાહિત્ય અને સમાજ વચ્ચેનો નાતો ઘણો જૂનો છે. વિદ્વાનોએ સાહિત્યને સમાજનું દર્પણ ગણાવ્યું છે, જે યથાર્થ પણ લાગે છે કારણ કે સાહિત્ય સર્જક પણ સમાજનો જ એક ભાગ છે, આથી તેના સાહિત્ય સર્જનમાં જાણે, અજાણે પણ પોતાની આસપાસના સામાજિક પરિવેશનું પ્રતિબિંબ ઝીલાતું હોય છે. સાહિત્ય અને સમાજ વચ્ચે પરસ્પરાવલંબન જોવા મળે છે. જ્યાં સાહિત્ય સમાજને પ્રતિબિંબિત કરે છે અને સમાજ સાહિત્યને આકાર આપે છે. સર્જક આ બંને વચ્ચેની કડી છે, જે સમાજના અનુભવોને ભાષા દ્વારા અભિવ્યક્ત કરે છે.*

*સાહિત્યના અનેક સ્વરૂપો છે જેવા કે નવલકથા, આત્મકથા, નિબંધ, વાર્તાઓ, કાવ્ય વિગેરે. કાવ્ય એ સાહિત્યનું પ્રાચીનતમ સ્વરૂપ છે, જે ભાષાના લય, અલંકાર અને ભાવના દ્વારા સમાજની વાસ્તવિકતાને પ્રતિબિંબિત કરીને, સમાજમાં જનજાગૃતિ ફેલાવી પરિવર્તનના પ્રવાહને પ્રવેગિત કરવાનું માધ્યમ બને છે. તે સીધી જનમાનસ પર ઓછા શબ્દોમાં વધુ ગાઢ અને ભાવુક અસર કરે છે. જેમ કે નર્મદ, મેઘાણી, દલપતરામ, ઉમાશંકર જોષી જેવા અનેક કવિઓના કાવ્યોએ સામાજિક પરિવર્તનમાં ભાગ ભજવ્યો છે, તેમજ તેમના કાવ્યો આજે પણ એટલા જ અસરદાર અને પ્રસ્તુત છે.*

*પ્રસ્તુત સંશોધન પ્રપત્રમાં રાષ્ટ્રીય શાયર તરીકે જાણીતા સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીના કાવ્યસંગ્રહ 'યુગવંદના'માં વ્યક્ત થતા સામાજિક મૂલ્યો, નિસ્બત, વર્ગસંઘર્ષ, નારીચેતના, માનવતાવાદ, રાષ્ટ્રવાદ, શોષિતપીડિતોની સ્થિતિ, અંધશ્રધ્ધા, ધાર્મિક પાખંડ જેવી સ્થિતિનું સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ અભ્યાસ દ્વારા એ સમજાવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે કેવી રીતે મેઘાણીના કાવ્યોમાં તત્કાલીન સમાજની પીડા, શોષણ અને પરિવર્તનને અસર કરે છે. પ્રસ્તુત સંશોધન પ્રપત્ર સમાજશાસ્ત્રમાં બહોળા પ્રમાણમાં ઉપયોગમાં લેવાતી પદ્ધતિ ગુણાત્મક પદ્ધતિ અને વિષયવસ્તુ વિશ્લેષણનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવ્યું છે.*

***Key Words:*** *Oppressed and Suffering, Humanity, Women's Consciousness, Nationalism, Patriotism, Society and Literature, Jhaverchand Meghani.*

## પ્રસ્તાવના:

સાહિત્ય અને સમાજનો વચ્ચેનો સંબંધ અતૂટ અને પરસ્પર પૂરક છે. સાહિત્યને સમાજનું દર્પણ કહેવામાં આવે છે કારણ કે તેમાં જે – તે સમયની સંસ્કૃતિ, પરંપરાઓ અને સામાજિક ગતિવિધિઓનું આબેહૂબ પ્રતિબિંબ જોવા મળે છે. સાહિત્યકાર પોતાના સાહિત્ય સર્જન માટેની સામગ્રી અને પ્રેરણા સમાજમાંથી મેળવે છે, અને બદલામાં ઉત્તમ સાહિત્ય થકી સમાજને નવી દિશા, સંસ્કાર, મૂલ્યો અને ઉમદા વિચારો પ્રદાન કરે છે. તે માત્ર પરિસ્થિતિનું વર્ણન નથી કરતું, પરંતુ અન્યાય કે કુરિવાજો સામે અવાજ ઉઠાવીને સમાજમાં પરિવર્તન લાવવાનું એક શક્તિશાળી માધ્યમ બની રહે છે. આમ, સાહિત્ય એ સમાજની સંવેદનાઓ, અપેક્ષાઓને વાચા આપીને માનવીય મૂલ્યોનું જતન કરતું એક ગતિશીલ તત્વ છે.

નવલકથા, વાર્તા, નિબંધ, આત્મકથા, ચરિત્રો વગેરે જેવા સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં 'કાવ્ય' એ સમાજ પરિવર્તનનું સૌથી સચોટ, લાઘવયુકત અને ધારદાર માધ્યમ છે, કારણ કે તે સીધું માનવીના હૃદય અને સંવેદનાને સ્પર્શે છે. કાવ્યમાં રહેલી લયબદ્ધતા અને ગેયતાને કારણે તે જનસમૂહ સુધી સરળતાથી અને ઝડપથી પ્રસરે છે, અને લોકોમાં નવચેતના તથા

https://www.gapbhasha.org/

ક્રાંતિની જ્યોત પ્રજ્વલિત કરે છે. મધ્યકાળમાં અખા જેવા કવિઓએ છપ્પા દ્વારા સામાજિક દંભ પર આકરા પ્રહારો કર્યા, તો અર્વાચીન સમયમાં નર્મદ, મેઘાણી, દલપતરામ, ઉમાશંકર જેવા સર્જકોએ પોતાના કાવ્યો થકી દેશભક્તિ, સ્ત્રી સમાનતા માટે અને કુરિવાજો સામે લડવા માટેનું પ્રેરકબળ પૂરું પાડી સમાજની માનસિકતા બદલવામાં પાયાની ભૂમિકા ભજવી છે. આમ, કાવ્ય એ માત્ર સૌંદર્યનું સાધન નથી, પરંતુ સમાજની સુષુપ્ત અવસ્થાને જગાડીને વૈચારિક ક્રાંતિ લાવનારું એક સબળ શાસ્ત્ર છે.

પ્રસ્તુત સંશોધન પ્રપત્ર ઝવેરચંદ મેઘાણીના કાવ્યસંગ્રહ 'યુગવંદના'માં વ્યક્ત થતા સામાજિક મૂલ્યો, સંવેદના, વર્ગસંઘર્ષ, નારીચેતના, રાષ્ટ્રવાદ, માનવતાવાદનું સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે. યુગવંદના એ આઝાદી પૂર્વેના ભારતીય સમાજની સામાજિક – રાજકીય પરિસ્થિતિઓને રજૂ કરતો દસ્તાવેજ છે. મેઘાણીએ આ સંગ્રહમાં યુગ પરિવર્તનની વંદના કરી છે, જેમાં પછાત વર્ગની વેદના, અને સામ્રાજ્યવાદ વિરુદ્ધના આક્રોશ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

## સાહિત્યકાર અને સાહિત્યકૃતિનો સંક્ષિપ્ત પરિચય:

### ઝવેરચંદ મેઘાણીનો ટૂંકમાં પરિચય:

ઝવેરચંદ મેઘાણી કોઈ પરિચયના મોહતાજ નથી, ભાગ્યે જ કોઈ ગુજરાતી કે ભારતીય તેમના વિશે અજાણ હોય! ગુજરાતી સાહિત્યનું ધ્રુવતારક સમાન નામ એટલે ઝવેરચંદ મેઘાણી. 28મી ઓગસ્ટ 1896ના રોજ ચોટીલા જન્મેલા મેઘાણીને તેમના ક્રાંતિકારી કાવ્યો અને આઝાદીની લડતમાં આપેલા પ્રદાન બદલ મહાત્મા ગાંધીએ ' રાષ્ટ્રીય શાયરના બિરુદથી નવાજ્યા હતા. તેમણે સૌરાષ્ટ્રના ખૂણે ખૂણે ભ્રમણ કરીને લુપ્ત થતી લોકવાર્તાઓ અને ગીતોને જીવંત કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે, જેને પરિણામે આપણને સૌરાષ્ટ્રની રસધાર અને સોરઠી બહારવટિયા જેવી કૃતિઓ મળી.

મેઘાણીએ માત્ર લોકસાહિત્ય જ નહીં, પરંતુ નવલકથા, ટૂંકી વાર્તા અને પત્રકારત્વના ક્ષેત્રે પણ મહત્વનું પ્રદાન કર્યું છે. તેમણે વેવિશાળ, તુલસીક્યારો જેવી સામાજિક નવાકથાઓ દ્વારા તત્કાલીન સમાજનું વાસ્તવિક ચિત્ર રજૂ કર્યું હતું. 1928માં તેમને સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એનાયત કરવામાં આવ્યો હતો, જે મેળવનારા તેઓ પ્રથમ સાહિત્યકાર હતા. કલમ અને કંઠના ધણી એવા મેઘાણી આજે પણ તેમના શૌર્યગીતો, કાવ્યો દ્વારા દરેક ગુજરાતીના હૃદયમાં જીવંત છે અને સદીઓ સુધી રહેશે.

## યુગવંદના કાવ્યસંગ્રહનો પરિચય:

ઝવેરચંદ મેઘાણીકૃત 'યુગવંદના' એ ગુજરાતી સાહિત્યનો એક અમર અને તેજસ્વી કાવ્યસંગ્રહ છે, જે ભારતની આઝાદીના આંદોલન અને પ્રબળ રાષ્ટ્રીય ચેતનાને સમર્પિત છે. આ સંગ્રહની કવિતાઓમાં શૌર્ય, ત્યાગ અને દેશભક્તિનો એવો પ્રબળ સુર છે કે જેનાથી પ્રભાવિત થઈને મહાત્મા ગાંધીએ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર' નું બિરુદ આપ્યું હતું. 'છેલ્લો કટોરો', 'કસુંબીનો રંગ' અને 'કોઈનો લાડકવાયો' જેવી રચનાઓ દ્વારા કવિએ માત્ર સ્વાતંત્ર્ય સેનાનીઓને જ નથી બિરદાવ્યા, પરંતુ સમાજના કચડાયેલા અને પીડિત વર્ગ પ્રત્યે પણ ઊંડી સંવેદના પ્રગટ કરી છે. ૧૯૩૫ માં પ્રથમ વાર પ્રકાશિત થયેલા આ સંગ્રહની લોકપ્રિયતા એટલી પ્રચંડ હતી કે ૧૯૪૨ થી ૧૯૫૫ સુધીમાં તેની પાંચ આવૃત્તિઓ બહાર પડી અને ત્યારબાદ ૧૯૯૩ સુધી અનેક પુનર્મુદ્રણ થયા. આજે પણ લોકઢાળ અને સરળ ભાષાશૈલીને કારણે આ કાવ્યો જન-જનના હૃદયમાં ખુમારી અને માનવતાના ભાવ જગાડે છે, જે આ કૃતિની સાહિત્યિક અને ઐતિહાસિક અવિરતતા દર્શાવે છે.

## સંદર્ભ સાહિત્યની સમીક્ષા:

કોઈપણ સંશોધનમાં સંદર્ભ સાહિત્યની સમીક્ષા એ સંશોધન વિષયની ઊંડાણપૂર્વકની સમજ મેળવવા જરૂરી છે. તે સંશોધનને અર્થસભર રીતે રજૂ કરવાની દૃષ્ટિ પ્રદાન કરે છે. સંદર્ભ સાહિત્યની સમીક્ષા સંશોધનને વિશ્વસનીય બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

https://www.gapbhasha.org/

અગાઉના વિવેચકોએ 'યુગવંદના'ને મુખ્યત્વે 'શૌર્યરસ' કે 'દેશભક્તિ'ના ચશ્માથી જોયું છે. જોકે, કાકાસાહેબ કાલેલકર અને ઉમાશંકર જોશીએ મેઘાણીના સાહિત્યમાં રહેલી સામાજિક નિસ્બતનો ઉલ્લેખ કર્યો છે. આ સંશોધન પ્રપત્ર તે નિસ્બતને સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોના આધારે ઊંડાણપૂર્વક તપાસે છે.

## સંશોધનના ઉદ્દેશ્યો:

- 'યુગવંદના'માં પ્રતિબિંબિત થતા વર્ગ-વિગ્રહ અને સામાજિક અસમાનતાને સમજવી.
- કવિતાઓમાં સ્ત્રી, દલિત અને શ્રમિકોના સામાજિક સ્થાનનું વિશ્લેષણ કરવું.
- રાષ્ટ્રવાદની સામાજિક સંરચના પર મેઘાણીના વિચારો તપાસવા.

## સંશોધન પદ્ધતિ:

પ્રસ્તુત સંશોધન લેખમાં મુખ્યત્વે ગુણાત્મક માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમજ સમાજશાસ્ત્રમાં બહોળા પ્રમાણમાં ઉપયોગમાં લેવાતી માહિતી વિશ્લેષણ (કન્ટેન્ટ એનાલિસિસ) પદ્ધતિનો ઉપયોગ કરીને, યુગવંદના કાવ્યસંગ્રહનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આમ, આ સંશોધનમાં ગુણાત્મક પદ્ધતિ (Qualitative Method) અને વિષયવસ્તુ વિશ્લેષણ (Content Analysis) નો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રાથમિક સ્રોત તરીકે 'યુગવંદના'ના કાવ્યો અને ગૌણ સ્રોત તરીકે વિવેચન ગ્રંથોનો ઉપયોગ થયો છે.

## માહિતી વિશ્લેષણ (કન્ટેન્ટ એનાલિસિસ)ની વ્યાખ્યા:

"માહિતી વિશ્લેષણ એ સંગ્રહિત કરેલા સંદેશાવ્યવહાર (જેમ કે ટેક્સ્ટ, દસ્તાવેજો, ભાષણો, મીડિયા સામગ્રી, ઇન્ટરવ્યૂ, સાહિત્યિક કૃતિ અથવા સોશિયલ મીડિયા પોસ્ટ્સ) નો અભ્યાસ અને અર્થઘટન કરવા માટેની એક વ્યવસ્થિત પદ્ધતિ છે, જેમાં માહિતીમાં છુપો ગર્ભિત અર્થ, વિષયવસ્તુ અને સંબંધો ઓળખવાનો પ્રયત્ન કરવામાં આવે છે." (ક્લિપેન્ડ્રોફ, 2019).

**'યુગવંદના'નું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ:**

ઝવેરચંદ મેઘાણી રચિત 'યુગવંદના' એ માત્ર શબ્દોનો સંગ્રહ નથી, પરંતુ ગાંધીયુગના લોકમાનસનો અવાજ છે. તે સમાજના લોકોને જાગૃત કરવાનું એક શક્તિશાળી મધ્યમ છે. તેને દેશના લોકોમાં દેશદાજ જગવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આમ, આ કાવ્યસંગ્રહ એ માત્ર સૌંદર્યલક્ષી સાહિત્યકૃતિ નથી, પરંતુ સમાજને પ્રગતિ તરફ પ્રવેગિત કરવાનું એક સાધન બને છે.

- **રાષ્ટ્રવાદ અને સામૂહિક ચેતના:**

મેઘાણીના કાવ્યોમાં રાષ્ટ્રવાદ એ કોઈ ભૌગોલિક સીમાની પૂજા નથી, પણ 'સામૂહિક ચેતના' (Collective Consciousness) નું પ્રતિક છે.

સ્વતંત્રતાની ઝંખના: 'આગે કદમ' જેવા કાવ્યો દ્વારા મેઘાણી સમાજને સ્થિરતામાંથી ગતિશીલતા તરફ લઈ જાય છે. સમાજશાસ્ત્રીય દ્રષ્ટિએ, જ્યારે કોઈ સમુદાય સમાન અન્યાય (બ્રિટિશ શાસન) સામે એકઠો થાય છે, ત્યારે 'આપણે' (We-feeling) ની ભાવના દ્રઢ થાય છે.

બલિદાનની નૈતિકતા: 'કસુમ્બીનો રંગ' એ માત્ર એક ગીત નથી, પણ શૌર્યનું સામાજિકીકરણ છે. 'છેલ્લો કટોરો' માં ગાંધીજીના હૃદયમંથન દ્વારા મેઘાણીએ સામાજિક નેતૃત્વની જવાબદારી અને ત્યાગના આદર્શો સ્થાપિત કર્યા છે. અહીં રાષ્ટ્ર એક 'પવિત્ર' (Sacred) એકમ બને છે, જેના માટે વ્યક્તિગત હિતોનું બલિદાન આપવું એ સામાજિક ધર્મ ગણાય છે.

- **વંચિત અને પીડિત વર્ગનું પ્રતિબિંબ:**

મેઘાણીને 'કસુંબલ કવિ' ની સાથે 'પીડિતોના કવિ' પણ કહી શકાય. તેમણે સામાજિક સ્તરરચના (Social Stratification) ના પાયામાં રહેલા માનવીને કેન્દ્રમાં રાખ્યો છે.

શ્રમિકોનું ગૌરવ: 'કોદાળીવાળા' અને 'ખાદી વણનારી' જેવા કાવ્યોમાં શ્રમજીવી વર્ગની હાડમારીની સાથે તેમના આત્મસન્માનની વાત છે. મેઘાણી દર્શાવે છે કે સમાજનું નવનિર્માણ મહેલના પાયામાં નહીં, પણ શ્રમિકના પરસેવામાં છે.

https://www.gapbhasha.org/

શોષિતોનો અવાજ: મેઘાણીએ દલિતો અને આર્થિક રીતે પછાત વર્ગની પીડા આલેખીને તત્કાલીન જ્ઞાતિ વ્યવસ્થા પર પ્રહાર કર્યો છે. સમાજશાસ્ત્રીય રીતે, આ કાવ્યો 'સબઅલ્ટર્ન' (Subaltern) અભ્યાસનો ભાગ બની શકે છે, જ્યાં સત્તાના માળખામાં સૌથી નીચે રહેલા વ્યક્તિનો અવાજ રજૂ થાય છે.

- **સ્ત્રી વિષયક સામાજિક દ્રષ્ટિકોણ:**

'યુગવંદના'માં સ્ત્રી પાત્ર કેવળ શૃંગારનું સાધન નથી, પણ તે સામાજિક પરિવર્તનની વાહક છે. વીરતા અને સંસ્કાર: 'શિવાજીનું હાલરડું' દ્વારા મેઘાણીએ 'માતૃત્વ'નું સામાજિક મહત્વ સમજાવ્યું છે. સ્ત્રી એ ભાવિ પેઢીના ઘડતર માટે જવાબદાર સંસ્થા છે. તે રાષ્ટ્રના રક્ષકોને જન્મ આપનારી શક્તિ છે.

સ્ત્રીની વેદના અને અસ્તિત્વ: 'એક સ્ત્રીનું સંધ્યાગીત' માં સ્ત્રીના મનની સંવેદના અને સામાજિક મર્યાદાઓ વચ્ચેનો સંઘર્ષ દેખાય છે. તે સમયના પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીના મનોવિજ્ઞાન અને તેની સામાજિક સ્થિતિનું આ માર્મિક વિશ્લેષણ છે.

- **યુદ્ધ, શાંતિ અને અહિંસા:**

ગાંધીવાદી વિચારધારાના પ્રભાવ હેઠળ 'યુગવંદના'માં સંઘર્ષના બદલાતા સ્વરૂપો જોવા મળે છે. અહિંસક પ્રતિકાર: 'છેલ્લી પ્રાર્થના' એ લડાયક હોવા છતાં અત્યંત નમ્ર અને અહિંસક હોવાની સામાજિક આચારસંહિતા છે. મેઘાણી શૌર્યને તલવારથી છોડાવીને 'સત્ય' અને 'પીડા સહન કરવાની શક્તિ' સાથે જોડે છે.

યુદ્ધની કરુણતા: 'શૌર્યવતીના વિલાપ' દ્વારા કવિ યુદ્ધના ભવ્ય વિજય પાછળ છુપાયેલી સામાજિક બરબાદી અને વિધવાઓના આંસુ બતાવે છે. આ યુદ્ધના સમાજશાસ્ત્ર (Sociology of War) નું પાસું છે, જે વિજય કરતા તેનાથી થતી જાનમાલની અને સામાજિક માળખાની હાનિ પર ધ્યાન દોરે છે.

- **લોકસંસ્કૃતિ અને ગ્રામીણ સમાજ:**

મેઘાણી મૂળભૂત રીતે ધરતીના કવિ છે. 'યુગવંદના'માં ગ્રામીણ સમાજ વ્યવસ્થાના મૂળિયાં જોવા મળે છે. ગ્રામીણ તાસીર: 'રાતાં ફૂલડાં' કે 'દૂધવાળો આવે' જેવા કાવ્યોમાં તત્કાલીન ગ્રામીણ વ્યવસાયો, પરસ્પર સંબંધો અને જીવનશૈલીનું ચિત્રણ છે. લોકબોલીના પ્રયોગ દ્વારા મેઘાણી કવિતાને ઉચ્ચ વર્ગના ડ્રોઈંગ રૂમમાંથી કાઢીને સામાન્ય માણસના ચોરા સુધી લઈ જાય છે.

માનવ-પ્રકૃતિ સંબંધ: ગ્રામીણ સમાજમાં પ્રકૃતિ એ માત્ર દ્રશ્ય નથી, પણ જીવન સાથી છે. 'સાગર રાણો' જેવા કાવ્યોમાં ભૌગોલિક પરિસ્થિતિ સામાજિક જીવનને કેવી રીતે ઘડે છે (Geographical Determinism) તેનું પ્રતિબિંબ જોવા મળે છે.

**સંશોધનમાં સંકળાતા સિદ્ધાંતો:**

યુગવંદના'ના આ વિશ્લેષણને વધુ ઊંડાણપૂર્વક સમજવા માટે તેને મુખ્ય ત્રણ સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો (Sociological Theories) સાથે સાંકળી શકાય છે. મેઘાણીની કવિતા આ સિદ્ધાંતોનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે:

- **સંઘર્ષનો સિદ્ધાંત:** (Conflict Theory - Karl Marx)

કાર્લ માર્ક્સનો આ સિદ્ધાંત માને છે કે સમાજમાં બે વર્ગો વચ્ચે હંમેશા સંઘર્ષ ચાલતો હોય છે: એક શાસક/શોષક અને બીજો શ્રમિક/શોષિત.

યુગવંદના સાથે જોડાણ: મેઘાણીના 'પીડિતદર્શન' ખંડમાં આ સિદ્ધાંત સ્પષ્ટ દેખાય છે. 'કોદાળીવાળા' કે 'ખાદી વણનારી' કાવ્યોમાં મૂડીવાદ કે સામ્રાજ્યવાદ સામે શ્રમિકના સંઘર્ષ અને તેના આત્મસન્માનની વાત છે. મેઘાણી અહીં 'વર્ગ-ચેતના' (Class Consciousness) જગાડવાનું કામ કરે છે, જે માર્ક્સવાદનો મુખ્ય આધાર છે.

- **સામાજિક એકતાનો સિદ્ધાંત:** (Social Solidarity - Émile Durkheim)

દુર્ખીમનો આ સિદ્ધાંત સમજાવે છે કે સમાજના લોકો એકબીજા સાથે કેવી રીતે જોડાયેલા રહે છે. ખાસ કરીને 'યાંત્રિક એકતા' (Mechanical Solidarity), જ્યાં સમાન મૂલ્યો અને ધર્મને કારણે લોકો જોડાય છે.

યુગવંદના સાથે જોડાણ: 'કસુમ્બીનો રંગ' અને 'આગે કદમ' જેવા કાવ્યો સમગ્ર ગુજરાતી અને ભારતીય સમાજને એક તાંતણે બાંધે છે. જ્યારે કોઈ રાષ્ટ્ર સંકટમાં હોય, ત્યારે તેની 'સામૂહિક ચેતના' (Collective Conscience) જાગૃત થાય છે. મેઘાણીએ વ્યક્તિગત સ્વાર્થને બદલે રાષ્ટ્ર માટેના સમૂહ-ભાવને જે રીતે રજૂ કર્યો છે, તે સામાજિક એકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

- **પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ:** (Symbolic Interactionism - George Herbert Mead)

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS
GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

આ સિદ્ધાંત મુજબ, મનુષ્ય પ્રતીકો, ભાષા અને સંવાદ દ્વારા સમાજમાં પોતાની ઓળખ ઊભી કરે છે.

યુગવંદના સાથે જોડાણ: મેઘાણીએ 'ચરખો', 'ખાદી', 'કસુમ્બી રંગ' અને 'છેલ્લો કટોરો' જેવા પ્રતીકોનો ઉપયોગ કરીને આઝાદીની લડતને સામાન્ય માણસના હૃદય સુધી પહોંચાડી. આ પ્રતીકોએ સમાજમાં એક નવો અર્થ અને જોમ પૂરું પાડ્યું. 'શિવાજીનું હાલરડું' એ બાળકને વીરતાના પ્રતીકો સાથે સંસ્કાર આપવાની પ્રક્રિયા છે, જેને સમાજશાસ્ત્રમાં 'સામાજિકીકરણ' (Socialization) કહેવામાં આવે છે.

## સંશોધનના તારણો અને સૂચનો:

આ સંશોધનના અંતે 'યુગવંદના'ના સમાજશાસ્ત્રીય પૃથક્કરણ દ્વારા નીચે મુજબના તારણો પ્રાપ્ત થયા છે:

**તારણો:**

વર્ગભેદની સ્પષ્ટ અભિવ્યક્તિ: 'યુગવંદના' માત્ર ભાવનાત્મક કવિતાઓનો સંગ્રહ નથી, પરંતુ તે આર્થિક અસમાનતા પર પ્રહાર કરતું પ્રગતિશીલ સાહિત્ય છે. મેઘાણીએ મિલ-માલિકો અને શ્રમિકો વચ્ચેની ખાઈને અત્યંત પ્રભાવશાળી રીતે આલેખી છે, જે સાબિત કરે છે કે સાહિત્ય સમાજમાં પરિવર્તન લાવવાનું સબળ માધ્યમ છે.

પરંપરા અને આધુનિકતાનો સમન્વય: તારણ એ પણ નીકળે છે કે મેઘાણીએ લોકસાહિત્યના ઢાળ અને તળપદી બોલીનો ઉપયોગ કરીને આધુનિક સામાજિક પ્રશ્નો (જેવા કે અસ્પૃશ્યતા અને સામ્રાજ્યવાદ) ને સામાન્ય જનતા સુધી પહોંચાડ્યા છે. આ 'હાઇબ્રિડ' અભિગમ સામાજિક સંદેશાને વધુ સ્વીકૃત બનાવે છે.

માનવતાવાદી રાષ્ટ્રવાદ: સંશોધન દર્શાવે છે કે મેઘાણીનો રાષ્ટ્રવાદ જ્ઞાતિ, ધર્મ કે વર્ગના સીમાડાઓમાં બદ્ધ નથી, પરંતુ તે 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના સાથે જોડાયેલો માનવતાવાદી રાષ્ટ્રવાદ છે.

**સૂચનો:**

શૈક્ષણિક અભ્યાસક્રમમાં સ્થાન: આજના ડિજિટલ અને ભૌતિકવાદી યુગમાં યુવા પેઢી સામાજિક સંવેદના ગુમાવી રહી છે. 'યુગવંદના' જેવી કૃતિઓનો સમાજશાસ્ત્રના અભ્યાસક્રમમાં સમાવેશ કરવો જોઈએ જેથી વિદ્યાર્થીઓ સાહિત્યના માધ્યમથી સામાજિક ઈતિહાસને સમજી શકે.

ડિજિટલ પુનરુત્થાન: મેઘાણીના સામાજિક વિચારોને પોડકાસ્ટ, ટૂંકી ફિલ્મો કે સોશિયલ મીડિયા દ્વારા આધુનિક સ્વરૂપમાં રજૂ કરવા જોઈએ, જેથી સામાજિક ન્યાય અને સમરસતાનો સંદેશ નવી પેઢી સુધી પહોંચી શકે.

**ઉપસંહાર (Conclusion)**

સમગ્ર સંશોધનનો નિષ્કર્ષ કાઢતા કહી શકાય કે ઝવેરચંદ મેઘાણીકૃત 'યુગવંદના' એ ગુજરાતી સાહિત્યની એવી અજોડ કૃતિ છે જે કાળની સીમાઓ ઓળંગીને આજે પણ પ્રસ્તુત છે. સમાજશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુથી જોતા, આ કાવ્યસંગ્રહ આઝાદી પૂર્વેના ભારતીય સમાજની આંતરિક સંરચના, તેના સંઘર્ષો અને તેની આકાંક્ષાઓનો આરસીરૂપ દસ્તાવેજ છે.

મેઘાણીએ અહીં માત્ર 'યુગ'ની વંદના નથી કરી, પણ 'યુગ-પરિવર્તન'ની હાકલ કરી છે. તેમણે સાહિત્યને દીવાનખાનામાંથી બહાર લાવીને ખેતર, ખળા અને કારખાનાના ઉંબરે લાવીને ઊભું રાખ્યું છે. આ કૃતિ એ સાબિતી છે કે જ્યારે સર્જક સમાજની પીડાને પોતાની બનાવી લે છે, ત્યારે તે સર્જન 'યુગવંદના' બની જાય છે. અંતતઃ, આ કાવ્યસંગ્રહ ભારતીય સામાજિક ઉત્ક્રાંતિ અને મૂલ્ય-નિર્માણની પ્રક્રિયાનો એક અનિવાર્ય અને ગૌરવશાળી અધ્યાય છે, જે આવનારા સમયમાં પણ સામાજિક સમરસતા માટે પ્રેરણારૂપ બની રહેશે.

## સંદર્ભ સૂચિ:

[1] મેઘાણી, ઝ. (૨૦૧૨). યુગવંદના (૧૪મી આવૃત્તિ). ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય. (મૂળ કાર્ય ૧૯૩૫માં પ્રકાશિત).

[2] જોશી, ઉ. (૧૯૭૪). કવિની સાધના. ગંગોત્રી ટ્રસ્ટ.

[3] કાલેલકર, કા. (૧૯૫૯). મેઘાણીનું સાહિત્ય દર્શન. નવજીવન પ્રકાશન મંદિર.

[4] ત્રિવેદી, ચ. (૨૦૦૧). ઝવેરચંદ મેઘાણી: જીવન અને સાહિત્ય. ગુજરાતી સાહિત્ય પરિષદ.

[5] દવે, ર. (સંપા.). (૨૦૦૮). મેઘાણી ગ્રંથાવલિ: કાવ્ય વિભાગ. સાહિત્ય અકાદમી.

[6] પંચાલ, શિ. (૨૦૦૫). ઝવેરચંદ મેઘાણી: એક મૂલ્યાંકન. આદર્શ પ્રકાશન.

https://www.gapbhasha.org/

[7] પટેલ, એમ. (૨૦૧૮). ગુજરાતી કવિતામાં સામાજિક ચેતના: 'યુગવંદના'ના વિશેષ સંદર્ભમાં. પરબ, ૪૪(૬), ૨૨-૨૮.

[8] શાહ, એસ. (૨૦૨૦). મેઘાણીના કાવ્યોમાં વર્ગ સંઘર્ષ અને માનવતાવાદ. શબ્દસૃષ્ટિ, ૩૬(૪), ૧૫-૨૦.

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# સાહિત્યનું સમાજશાસ્ત્ર અને એન્ટોનિયો ગ્રામસીના વિચારો

## પ્રા. ડૉ. લીપા વી. શાહ

આસિસ્ટન્ટ પ્રોફેસર
સમાજશાસ્ત્ર વિભાગ
ક્રાંતિગુરુ શામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી, ભુજ, કચ્છ

### *સારાંશ :*

*એન્ટોનિયો ગ્રામસીનું સાહિત્ય સંદર્ભેનું સામાજિક અને સાંસ્કૃતિક ચિંતન સાહિત્યના સમાજશાસ્ત્રીય અભ્યાસુઓ માટે સંશોધનાત્મક સમજણ વિકસાવવામાં મહત્વનું છે. ગ્રામસી સાહિત્યને માત્ર સમાજના દર્પણ તરીકે જોવાને બદલે સમાજની સત્તા રચના, વિચારધારા, બુદ્ધિજીવીઓની નબળી માનસિકતા અને સાંસ્કૃતિક પ્રક્રિયાઓ સાથે જોડીને સમજવું જોઈએ તેમ દર્શાવે છે. બુદ્ધિજીવીઓની સાહિત્યિક સમજણ એકાંગી હોવાનો મત વ્યક્ત કરતા તેઓ લખે છે કે સમાજનો બહુ મોટો વર્ગ એવા શ્રમજીવોની વાત સાહિત્યના લખાણોમાં આવતી નથી. કાર્લ માર્કસના અનુયાયી તરીકે જાણીતા એવા એન્ટોનિયો ગ્રામસી જ્યારે કાર્લ માર્કસના સાહિત્ય સંદર્ભો અને સમાજની ચર્ચા કરવામાં આવે ત્યારે તેમનાથી અલગ મત વ્યક્ત કરતા જોવા મળે છે. કાર્લ માર્કસ સત્તા હેઠળ દબાયેલા નાગરિક સમાજને આર્થિક આધારના સંબંધોમાં જોવે છે જ્યારે ગ્રામસી નાગરિક સમાજ અને અધિરચનાના સંબંધોમાં તપાસવા માટે હિમાયત કરે છે.*

*વૈશ્વિક કક્ષાએ કાર્લ માર્કસનું જેટલું સાહિત્ય ઉપલબ્ધ છે તેટલું સાહિત્ય ગ્રામસીનું ઉપલબ્ધ નથી પરંતુ જેટલું સાહિત્ય ઉપલબ્ધ છે તેમાં તેમની બૌદ્ધિક લાક્ષણિકતાઓનું દર્શન જરૂર થાય છે. પ્રસ્તુત સંશોધન લેખમાં ગ્રામસીના સાહિત્યના સમાજશાસ્ત્ર સંબંધેના આગવા વિચારોની ચર્ચા કરવામાં આવી છે. જે સાહિત્ય અને સમાજના સંબંધોને સમજવામાં સંશોધક જિજ્ઞાસુ અને ઉપયોગી પૂરવાર થશે. સાહિત્ય કૃતિઓમાં સામાજિક સંઘર્ષ અને સામાજિક સંબંધોની તરાહ, સાંસ્કૃતિક આધિપત્ય, સત્તા અને બુદ્ધિજીવીઓના લખાણોની ચર્ચા તેઓ મુક્ત રીતે કરે છે. તેઓ દર્શાવે છે કે સાહિત્ય માત્ર પ્રસ્થાપિત વિચારોનું પુનરુત્પાદન કરતું નથી બલ્કે સાહિત્ય પ્રભુત્વ ધરાવતી અને સત્તાધીશોને મદદરૂપ બનતી વિચારધારાને પણ પડકારી શકે છે. તેમના આ વિચારો સામાજિક ચિંતન વિકસાવવામાં મદદરૂપ પુરવાર થાય છે. સાહિત્ય સત્તા અને પ્રતિકાર વચ્ચેના સંબંધોને વ્યક્ત કરતું એક સશક્ત માધ્યમ છે તેથી સાહિત્યને સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનની પ્રક્રિયા સાથે જોડીને સમજાવવામાં આવે તો જ સમાજના તમામ વર્ગોનો સમાવેશ થઈ શકે એવી લાગણી તેમના લખાણોમાં ગ્રામસી વ્યક્ત કરે છે.*

*KEY WORDS: Sociology, Sociology Of Literature, Marxist Approach, Language And Literature, Cultural Hegemony.*

### પ્રસ્તાવના :

સાહિત્ય અને સમાજ સંદર્ભે દાર્શનિક વિચારધારાથી લઈને માર્ક્સવાદી વિચારધારાની ચર્ચા કરવામાં આવે તો એમ કહી શકાય કે અનેક પ્રશિષ્ટ સમાજ વિજ્ઞાનનીઓએ આ સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા છે. વર્ગ સંઘર્ષના સંદર્ભે કાર્લ માર્કસના વિચારો જગ પ્રસિદ્ધ છે પરંતુ કાર્લ માર્કસે પણ સાહિત્ય અને સમાજના અનુબંધ વિશે ઘણી ચર્ચાઓ કરી છે. માર્કસના સાહિત્ય સંબંધિત વિચારો તેના અનેક ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે તેવી જ રીતે એન્ટોનિયો ગ્રામસીના વિચારો પણ તેમના જાણીતા ગ્રંથ 'પ્રિઝન નોટબુક્સ' અને અન્ય સંખ્યાબંધ નિબંધોમાંથી મળે છે. અલબત્ત માર્ક્સના સાહિત્યક સિદ્ધાંતોને અનેક સમાજશાસ્ત્રીઓએ અને ખાસ કરીને માર્કસવાદી અસર હેઠળના તેમના અનુયાયીઓએ જુદા જુદા લેખો અને પુસ્તકો દ્વારા સાહિત્યિક વિચારો પ્રસરાવવાનો પ્રયાસ કર્યો છે. જેના કારણે માર્ક્સના સાહિત્યના સૌંદર્યમૂલક વિચારો તેમની ગેરહાજરીમાં

https://www.gapbhasha.org/

પણ સમાજ સુધી પહોંચી શક્યા છે. માર્ક્સની તુલનાએ સાહિત્ય સંબંધે એન્ટોનિયો ગ્રામાસીના સમગ્ર લેખનને જોઈએ તો પહેલી બાબત એવી સ્વીકારવી પડે કે કાર્લ માર્કસના જેટલા ગ્રંથો અંગ્રેજીમાં અનુવાદ પામ્યા છે એટલા અનુવાદો ગ્રામસીના લખાણોના ઉપલબ્ધ નથી અલબત્ત એનાઉદી (ENAUDI)એ લિટરેચર-વિટા-નેઝિયોનાલે (LITERATURE-VITA-NEZIONALE) ગ્રામસીના વિચારો પ્રદર્શિત કરતું પુસ્તક પ્રકાશિત કર્યું હતું તેમાં સાહિત્યના સંબંધોને તેમના વિચારોને સ્થાન આપવામાં આવ્યું હતું.

જો કે આ પુસ્તક પણ ગ્રામસીના જાણીતા પુસ્તક ‘પ્રિઝન નોટબુક્સ’ના વિચારોને ધ્યાનમાં લીધા વગર દર્શાવ્યું હોઇ સાહિત્ય અને સમાજના સંબંધોને ગ્રામસી કેવી રીતે સમજે છે એ આ બાબત યોગ્ય રીતે રજૂ થઈ શકી નથી. ઘણા વર્ષો પછી વેલેન્ટીનો જેરાટાના(VELNTINO GERRATANA) એ ‘પ્રિઝન નોટબુક્સ’ની એક સમીક્ષાત્મક આવૃત્તિ પ્રસિદ્ધ કરી હતી. આ પુસ્તક થકી ગ્રામસીના સમાજ અને સાહિત્યની સઘન નિસ્બતને વાસ્તવિક રીતે પહેલીવાર ન્યાય મળી શક્યો એમ કહી શકાય ‘પ્રિઝન નોટબુક્સ’માં ગ્રામસીએ સાહિત્યને મૂલવવા માટે ‘આંતર-અનુશાસન અભિગમ’ કેવો મહત્વનો છે એની તાત્વિક ચર્ચા કરી હતી. વેલેન્ટિનોના આ પુસ્તક પછી ‘પ્રિઝન નોટબુક્સ’ના આધારે ગ્રામસીના આ સાહિત્ય સમાજશાસ્ત્ર સંદર્ભિત વિદ્વાનોમાં ચર્ચા અને સમીક્ષાત્મક લખાણોની શરૂઆત થઈ હતી એમ કહી શકાય.

## તથ્યાત્મક અભ્યાસુ: એન્ટોનિયો ગ્રામસી

ખરૂં જોઈએ તો 1960 પછી જ ગ્રામસીના સાહિત્ય અને સમાજ વિચારો તરફ વિવેચકોની નજર પડી. આ સમય અગાઉ માર્કસવાદી વિચારકો ઉપર અલ્થૂસરનો ભારે પ્રભાવ હતો. એ સમયગાળામાં ગ્રામસીના વિચારોને લેનિનવાદી, ટ્રોટૉસ્કિવાદી, સ્ટાલિનવાદી તરીકે ઓળખ આપીને એક નિશ્ચિત વિચારધારા સાથે જ તેમનો સંબંધ છે એમ જ ગણવામાં આવ્યું. જોકે ટૉગ્લિઆતી(Togliatti) ના મતે ગ્રામસી કોઈ પણ રાજકીય વિચાર કે સુધારાવાદી વિચાર પરંપરાને સ્પર્શીને તથ્યો આધારિત વિચાર રજૂ કરનાર અભ્યાસુ હતા. ગ્રામસીના લખાણોનો જે અભ્યાસ થયો તેમાં વિવેચકો એમ દર્શાવે છે કે ગ્રામસીના વિચારો તે સમયના સંદર્ભમાં માર્કસવાદી દર્શનને નવા રૂપમાં વ્યક્ત કર્યું છે. યુરોપમાં એ સમયે વિસ્તરણ પામેલા ‘યુરો કમ્યુનિઝમ’ને ગ્રામસીએ જુદી રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રભાવને જો ભારતીય સંદર્ભમાં જોઈએ તો મહાત્મા ગાંધી અને ગ્રામસીના વિચારોમાં સમાનતા જણાય આવે છે. સમાજ વિજ્ઞાનની સંકલ્પનાઓને ધ્યાનમાં લઈએ તો મો.ક.ગાંધીની ઓળખ અધિસંરચનાવાદી(Super-Structuralist) હોવાનું કહી શકાય તેવી જ રીતે ગ્રામસી પણ અધિરચનાવાદ તરફ વિચારો વ્યક્ત કરતા હતા. બંનેના વિચારોની એક સમાનતા જોવી હોય તો કહી શકાય કે ગાંધી અને ગ્રામસી બંને વિદેશી સામ્રાજ્યવાદના વિરોધને પ્રાધાન્ય આપતા હતા.

## 'પ્રૅક્સિસ' અને સાહિત્ય વિશ્વ:

ગ્રામસીનો વાસ્તવિક રસ એક એવા રાજ્ય અને સમાજના નિર્માણમાં હતો જેમાં મજૂર વર્ગનું સાંસ્કૃતિક એકાધિપત્ય(હેજેમની/Hegemony)હોય. આ પ્રકારના સમૂહને તેઓ ઐતિહાસિક બ્લોક કહે છે. બુદ્ધિજીવી વર્ગની ભૂમિકાને તેમણે નવી રીતે વ્યાખ્યાયિત કરી. નાગરિક સમાજને રાજકીય (સત્તાધારી) સમાજ કરતાં અગ્રતા આપી. વિચારધારા પર પોતાની રીતે સ્વતંત્ર વિચાર કર્યો. આ રીતે પોતાની માન્યતાઓને સ્પષ્ટ કરવા માટે તેમણે કેટલાક સુનિશ્ચિત વર્ગો (Categories)ની કલ્પના કરી. આ શ્રેણીઓ જ તેમના વિચારોના તમામ આયામોને સ્પષ્ટ કરે છે. આ બધાનો સંબંધ 'પ્રૅક્સિસ' (Praxis) સાથે છે. 'પ્રૅક્સિસ'થી પર તેમના માટે દરેક બાબત ગૌણ હતી. સાહિત્ય સંબંધી તેમની માન્યતાઓ પર વિચાર કરતી વખતે પ્રસંગોપાત તેમના 'પ્રૅક્સિસ'ને સમજવા આવશ્યક છે.

## તત્કાલીન બૌધ્ધિક જગત અને એન્ટોનિયો ગ્રામસી:

ગ્રામસી પોતે યાંત્રિકતાના વિરોધી હતા. સ્ટાલિનના જમાનામાં જ તેમણે ‘ઝ્દાનોવિઝમ’ (Zhdanovism)નો કટ્ટર વિરોધ કર્યો જ્યારે મોટા-મોટા સ્વતંત્ર શાસ્ત્રવિદો અને નાટકકારો તેમની સામે તેમની બૌદ્ધિકતા સામે પ્રતિકાર કરતા ન હતા. તેઓ સાહિત્યગત 'કળા' અને 'સંસ્કૃતિ'માં ભેદ સ્થાપિત કરે છે. કળાને રૂપ અને સંસ્કૃતિને વિષયવસ્તુ કહે છે.

ગ્રામસીના બૌદ્ધિક સવાલો સમજવા જેવા હતા. તેઓ એમ પૂછતા હતા કે- શું સૌંદર્ય-વિજ્ઞાન, કળા-સિદ્ધાંત, સૌંદર્ય અને

https://www.gapbhasha.org/

અભિવ્યંજના સિવાય બીજું કંઈ પણ છે? કોઈ અન્ય વસ્તુઓ સાથે પણ તેને સંબંધ છે?- આ બધી શ્રેણીઓ ભાવવાદી છે. આનાથી કળાત્મક વિકૃતિઓ પેદા થાય છે અને કળાત્મકતા તથા ઐતિહાસિકતામાં સંવાદની શક્યતા રહેતી નથી. અંતતઃ આપણે ઇતિહાસ-વિરોધી સૌંદર્યશાસ્ત્ર તરફ આગળ વધીએ છીએ. ગ્રામસી સામાજિક અને ઐતિહાસિક આયામોને સૌંદર્યનું 'અભિન્ન અંગ' માને છે. તેઓ એક બાબતે સ્પષ્ટ છે કે તેમનું સૌંદર્યશાસ્ત્ર જડ નથી, તેમાં મજબૂત નૈતિક-રાજકીય આસ્થા છે. આ નવી સંસ્કૃતિને અનુરૂપ સંઘર્ષરત પ્રૅક્સિસ છે. આ પ્રકારની વિવેચનામાં રીત-રિવાજ, અનુભૂતિ, વૈશ્વિક દ્રષ્ટિની વિવેચના સાથે શુદ્ધ કળા-સમીક્ષા પણ સામેલ થઈ જાય છે. આંગિક (અવયવી) દ્રષ્ટિએ આ બે સ્તર અલગ-અલગ ન હોઈને એક જ છે. કળા પ્રક્રિયાત્મક મૂલ્ય છે કારણ કે તે અભિન્ન રૂપે કલા અને તેના અન્ય મૂલ્યો સાથે જોડાયેલી છે. સમીક્ષક માટે એ જોવું જરૂરી છે કે નવા સાહિત્યના વસ્તુ-રૂપ સંઘર્ષરત સંસ્કૃતિ સાથે કઈ સીમા સુધી સબદ્ધ છે. આ સંઘર્ષરત સંસ્કૃતિ નવી સાંસ્કૃતિક પ્રભુસત્તામાં પ્રગટ થાય છે.

## ઉપેક્ષિત વર્ગના સાહિત્યના હિમાયતી: એન્ટોનિયો ગ્રામસી:

ગ્રામસી કહે છે કે ઇતિહાસ જડ પદાર્થ નથી. તેનો સંબંધ સાંસ્કૃતિક રાજનીતિ સાથે છે અને તે વર્ગ-વિભાજિત સમાજ પર આધારિત છે. આ રાજકીય સંઘર્ષની માંગ કરે છે દબાયેલા- કચડાયેલા વર્ગ દ્વારા સંચાલિત થાય છે. તત્કાલીન ઇટાલિયન પરંપરામાં સંસ્કૃતિ પુસ્તકીય જ્ઞાનથી ચાલતી હતી. જેવી રીતે ભારતીય સંસ્કૃતિ પણ પુસ્તક જ્ઞાનને અનુસરતી હતી. એક રીતે કચડાયેલા વર્ગને જો નજરમાં લેવામાં આવે તો આવી જ પરિસ્થિતિ હતી એમ ચોક્કસ કહી શકાય. જો કે ડૉ. બાબાસાહેબ આંબેડકર અને તેમના સાથીઓએ તૈયાર કરેલા બંધારણ તથા ભારતીય સમાજમાં ઉપેક્ષિત વર્ગોને તેમની પીડા, તેમના ઉપરના દમન, તેમની સંસ્કૃતિ વગેરેને રજૂ કરતું સાહિત્ય થઈ શક્યું થઈ શક્યું છે તે આનંદની વાત છે. ભારતીય સમાજને હજુ વધુ પ્રમાણમાં ઉપેક્ષિત વર્ગનું સાહિત્ય મળવું જોઈએ એમ ગ્રામસીના વિચારોને આધારે ચોક્કસ કહી શકાય. ગ્રામસી એક નિશ્ચિત વિચારમાં જ ગ્રસ્ત બુદ્ધિજીવીને તેઓ બુદ્ધિજીવી નથી માનતા એવી ટીકા કરતા તેઓ કહે છે આ કહેવાતા બુદ્ધિજીવીઓ પોતાના તર્કસંગત નિષ્કર્ષોને પ્રજા સુધી પહોંચાડવામાં અસમર્થ હોય છે તેથી તેમણે નવા બુદ્ધિજીવી વર્ગને વ્યાખ્યાયિત કર્યો જેને જ્ઞાતિવાદ, વર્ગવાદ અને વ્યક્તિવાદની અમૂર્તતાઓ સાથે સંબંધ ન હોય.આ વર્ગે પોતાની બૌદ્ધિકતાનો ઉપયોગ રાષ્ટ્રને નવા નૈતિક પરિવર્તન અને સાંસ્કૃતિક બદલાવ માટે પ્રશિક્ષિત કરવા તથા તેની બુદ્ધિને ધારદાર બનાવવામાં કરવો જોઈએ એમ તેઓ માનતા હતા. સમાજનો એક બહુ ઓછી સંખ્યા ધરાવતો બુદ્ધિજીવી વર્ગ જે બહુ વિશાળ વર્ગ છે એવા ગરીબ - પછાત વર્ગની સાથે તેમની સેવા લેવા પૂરતો જ સંબંધ કેળવતો હતો. કોઇપણ પ્રકારના સામાજિક સંબંધો આ વર્ગ સાથે બુદ્ધિજીવીઓને હતા જ નહીં. બુદ્ધિજીવી વર્ગ માત્ર ઉપલા વર્ગનું જ પ્રતિનિધિત્વ કરતો હતો. આ પાસાને ધ્યાનમાં લઇને તેઓ એવો વિચાર વ્યક્ત કરતા હતા કે નવો બુદ્ધિજીવી નવા નૈતિક જીવન, નવીન સંસ્કૃતિ અને નવા યથાર્થને સાચી રીતે જોવા માટે સંઘર્ષના માર્ગો શોધે છે. નવી કળા આ સંઘર્ષ સાથે જોડાયેલી હશે.

## નવા વિચાર - નવીન સર્જનાત્મકતાના આગ્રહી : એન્ટોનિયો ગ્રામસી:

ગ્રામસી કહે છે કે – 'નવી સભ્યતાની સર્જનાત્મક પ્રક્રિયા ખૂબ જ આગવી હોય છે. મૂડીવાદી વ્યવસ્થા સમાજવાદી વ્યવસ્થામાં બદલાઈ જતાં ફેક્ટરીમાં એ જ રીતે ઉત્પાદન થશે પરંતુ મૂડીવાદી વ્યવસ્થામાં પણ કળા કોઈ ફેક્ટરીમાં ઉત્પાદિત થાય એવી ચીજ વસ્તુ નથી, સમાજનો રોજે રોજની મજૂરી સાથે જોડાયેલો મોટો એવો જીવંત કારીગરોના વર્ગની સંસ્કૃતિ હશે જે બુર્ઝવા સંસ્કૃતિથી એકદમ ભિન્ન હશે. તેઓ કહે છે કે નવી સાંસ્કૃતિક વ્યવસ્થા માટે કોઈ એક પરંપરાવાદી નીતિ ચાલી શકે નહીં, નવું હોય તેને સ્વીકારવું જ રહ્યું અને સાથોસાથ સમાજના તમામ વર્ગોનું પ્રતિનિધિત્વ પણ તેની સાથે જોડાવું જોઈએ. ગ્રામસી આવા વિચારો વ્યક્ત કરીને નાગરિક સમાજને પ્રાધાન્ય આપે છે ત્યારે એમ સ્પષ્ટ થાય છે કે કાર્લ માર્ક્સથી આ સંદર્ભે તેઓ જુદા પડે છે. માર્કસ નાગરિક સમાજને આર્થિક સંબંધોમાં એટલે કે આર્થિક આધારના સંબંધમાં જુએ છે જ્યારે ગ્રામસી તેને અધિરચના તરીકે ઓળખાવતા એવો મત વ્યક્ત કરે છે કે ઇતિહાસ નિર્માણમાં અધિરચના વધુ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જે ક્રાંતિમાં જનતાની સાંસ્કૃતિક પ્રભુસત્તા હોતી નથી તે નિષ્ક્રિય ક્રાંતિ છે. આવી ક્રાંતિના સમયે પ્રજા માત્ર દર્શક બની રહે છે. પ્રજાએ રાજ્ય પાસેથી નહીં પરંતુ રાજ્યએ પ્રજા પાસેથી શક્તિ મેળવવી જોઈએ એવો વિચાર વ્યક્ત કરતા તેઓ 'સ્ટાલિન રાજ'નું ઉદાહરણ આપે છે.

https://www.gapbhasha.org/

## 'મૂળભૂત માનવતા': આગવો સાહિત્યિક વિચાર:

ગ્રામસી કળા અને સાહિત્યના ક્ષેત્રમાં 'મૂળભૂત માનવતા'નો અર્થ સમજાવતા દર્શાવે છે કે વ્યાપક અર્થમાં સમાજના તમામ વર્ગોને ધ્યાનમાં રાખીને સામાજિકતા જેમાં વ્યક્ત થતી હોય તેને મૂળભૂત માનવતા તરીકે ઓળખાવી શકાય. આ સાથે તેઓ એવી પણ સમજ આપે છે કે સાહિત્યકારે ભવિષ્ય વેતા કે નૈતિક ઉપદેશક ન બનવું જોઈએ. પ્રજા અને સાહિત્યનો સમન્વય જ સર્વાંગી વિકાસનો આધાર બને છે.

યુરોપિયન સાહિત્યકારોનું ઉદાહરણ આપતા ગ્રામસી લખે છે કે આ લેખકો પ્રજાની અનુભૂતિઓને અનુભવતા નથી. તેઓ પ્રજાને બિચારી સમજીને તેમના ઉપર દયા કરતા હોય એમ તેમના લખાણો જોવા મળે છે છતાં તેઓ નાગરિકોના સંરક્ષક છે અને પોતાના જ વિચારો શ્રેષ્ઠ છે એવી ગ્રંથિથી પીડાય છે. કૃતિઓમાં પ્રતિનિધિત્વ કરતા પાત્રો પાસે ન તો તેમનું આંતરિક જીવન છે નહીં કે ગંભીર નૈતિક વ્યક્તિત્વ. આવા સાહિત્યકારો પાસે સાહિત્યિક જીવંતતા રાખી શકાય નહીં.

**પોથી પંડિતાઇનો વિરોધ:**

ખોટા પાંડિત્યનો વિરોધ કરવાનું સૂચન કરતાં ગ્રામસી દર્શાવે છે કે કોઈપણ સાહિત્યના સમીક્ષક માટે જરૂરી છે કે તે સમાજની આમ સામાન્ય સમસ્યાને સમજીને તેને વાચા આપે કારણકે તેઓ આ સમાજનો જ એક ભાગ છે. વૈશ્વિક દ્રષ્ટિ કેળવીને જનતાના સંઘર્ષમાં સામેલ થવું એ સાહિત્યકારની પહેલી ફરજ બને છે, શ્રમિક વર્ગનો અવાજ બન્યા વગરનું સાહિત્ય સમાજનું પૂર્ણ પ્રતિનિધિત્વ કરતું નથી તેમ તેઓ સ્પષ્ટ કહે છે.

વિવેચકને સાહિત્યની પરંપરા અને તેની બારીકાઈઓનું સારું જ્ઞાન હોવું જોઈએ. પરંતુ આ જ્ઞાન જ પૂરતું નથી. વિવેચક પાસેથી સમાજિક ઇતિહાસના વ્યાપક અને ઊંડા જ્ઞાનની અપેક્ષા રખાય છે. આના પરિપ્રેક્ષમાં જ સાહિત્યની સક્રિય ભૂમિકાનું વિશ્લેષણ કરી શકાય છે. તેઓ સ્પષ્ટ રીતે વ્યક્તિવાદી અને બિનલોકતાંત્રિક મૂલ્યોના વિરોધી હતા. સાંસ્કૃતિક તથા સાહિત્યિક સ્તરોના દ્વંદ્વાત્મક સંબંધોને જોઈ શકાય છે - સમજી શકાય છે એમ દર્શાવતા તેઓ કહે છે કે વસ્તુ સાંસ્કૃતિક છે અને રૂપ સાહિત્યિક. તેઓ કૃતિની ઐતિહાસિકતાની તપાસ 'બૃહદ સ્તરે' (મેક્રો) તથા રૂપની તપાસ ' સૂક્ષ્મ સ્તરે' (માઇક્રો) કરે છે એવો ઉલ્લેખ કરતા આ બંનેમાં ઊંડી સંગતતા છે એમ તેઓ દર્શાવે છે.

તેઓ સાહિત્યની વિશેષ ચર્ચા કરતા જણાવે છે કે સાહિત્યિક કૃતિ કોઈ કોરી સ્લેટ નથી તેની સંરચના પૂર્વ-સંગઠિત મૂલ્યોના આધારે થાય છે જે સ્વયંમાં નિરંતર સંગઠિત-વિઘટિત થતા રહે છે. તે એવો અણુ કે તત્વ નથી જેને તર્કથી પર થઈને માત્ર આંતરપ્રજ્ઞાથી જાણી શકાય! ગ્રામસીનો મત એવો છે કે સંરચના વગર કવિતા હોઈ જ ન શકે અને સંરચના પણ પોતાની જાતમાં કાવ્યાત્મક હોય છે. નાટ્યાત્મક ક્રિયાત્મકતા આ સંરચનામાંથી જ પ્રગટ થાય છે. ગ્રામસી આ રીતે સંરચનાના ગહન અભ્યાસ પર ભાર મૂકે છે, કારણકે તમામ તણાવો, મૂલ્યો અને ક્રિયાકલાપોનો મૂળ સ્રોત સમાજની સંરચનાના જ છે.

## સાહિત્યમાં ભાષા અંગેના વિચારો:

'પ્રિઝન નોટબુક્સ'માં ગ્રામસીએ ભાષા અંગે પણ વિચાર રજૂ કર્યો છે, પરંતુ ગ્રામસી પર વિચાર કરનારાઓએ હંમેશા તેમના આ પક્ષની ઉપેક્ષા કરી છે. તુરિન યુનિવર્સિટીમાં તેમના સહપાઠીઓ તેમને ક્રાંતિકારી કરતાં વધુ ભાષાશાસ્ત્રી તરીકે ઓળખતા હતા. ગ્રામસીએ ભાષાનો સામાજિક સિદ્ધાંત અને સંસ્કૃતિનો ભૌતિકવાદી સિદ્ધાંત એક સાથે જ નિર્મિત કર્યો તેથી ભાષા સંબંધી તેમના વિચારોને જાણ્યા વગર 'સાહિત્યનું સમાજશાસ્ત્ર' પૂરી રીતે વિશ્લેષિત થઈ શકે નહીં એમ કહી શકાય.

તેઓ કહેતા કે ભાષા સામાજિક ઉત્પાદન છે, એક સાંસ્કૃતિક સમુદાયની સાંસ્કૃતિક અભિવ્યક્તિ છે. 'સાહજિક સામૂહિકતા'ના કારણે જ ભાષા સમાજ અને ઇતિહાસ દ્વારા નિયંત્રિત થાય છે. તમામ લોકો એક જ પ્રકારની સંસ્કૃતિ નથી રચતા—અલગ-અલગ વર્ગો અને સમૂહોમાં વહેંચાયેલા લોકો દ્વારા આ શક્ય પણ નથી. 'વધુમાં વધુ એટલું જ કહી શકાય કે દરેક વ્યક્તિની પોતાની વૈયક્તિક ભાષા હોય છે એટલે કે તેના વિચારવાની પોતાની રીત હોય છે. સંસ્કૃતિ વધતા-ઓછા પ્રમાણમાં વ્યક્તિઓને જોડતી રહે છે જે વિવિધ અંશે એકબીજાને સમજે છે અને પોતાની વચ્ચે સાપેક્ષ વાચિક સંપર્ક સ્થાપિત કરે છે. આના કારણે સામાન્ય ભાષામાં પ્રતિબિંબિત સામાજિક-ઐતિહાસિક ભેદ ઓછો થઈ જાય છે.'

## ઉપસંહાર:

સાહિત્યના સમાજશાસ્ત્ર સંદર્ભે ગ્રામસી સત્તા, સંસ્કૃતિ અને આધિપત્યના અભિગમને સાંકળીને પોતાના વિચારો રજૂ કરે છે

https://www.gapbhasha.org/

પરંતુ હજુ સુધી તેમનું સંપૂર્ણ લખાણ અનુવાદિત થઈને આપણા સુધી પહોંચી શક્યું નથી એ જ્યારે શક્ય બનશે ત્યારે તેમના વિચારોના આધારે સાહિત્યને સમાજના સંદર્ભમાં વધુ વિશ્લેષિત કરી શકીશું. એમ ચોક્કસ કહી શકાય કે અનુ માર્ક્સવાદના તેઓ મહત્વપૂર્ણ ચિંતક હતા. તેમના વિચારોને ધ્યાનમાં લઈને માર્કસિસ્ટ વિચારધારામાં નવું પરિવર્તન લાવવું જોઈએ. એકાંગી માર્કસિસ્ટ વિચારોના સ્થાને નવા વિચારોને સમજવા જોઈએ અને સ્વીકારવા પણ જોઈએ.

## સંદર્ભ સૂચિ (REFERENCES):

[1] Gramsci, Antonio. (1971). Selections from the Prison Notebooks. Edited and translated by Quintin Hoare and Geoffrey Nowell Smith. New York: International Publishers.

[2] Gramsci, Antonio. (1985). Selections from Cultural Writings. Edited by David Forgacs and Geoffrey Nowell-Smith. London: Lawrence & Wishart.

[3] Gramsci, Antonio. (1992). Prison Notebooks: Volume 1. Edited and translated by Joseph A. Buttigieg. New York: Columbia University Press.

[4] Femia, Joseph V. (1981). Gramsci's Political Thought: Hegemony, Consciousness, and the Revolutionary Process. Oxford: Clarendon Press.

[5] Forgacs, David. (2000). The Gramsci Reader: Selected Writings 1916–1935. New York: New York University Press.

[6] "Based on William Q. Boelhower's article on Antonio Gramsci's sociology of literature', Contemporary Literature, Vol. 22, No. 4, Autumn 1981, pp. 574–599

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# સાહિત્યમાં નારીચેતના ('બત્રીસ પૂતળીની વેદના' નવલકથાના સંદર્ભમાં)

## પ્રાચી કે. પરાશર, ડૉ. કોમલ શાહ

(પીએચ. ડી સ્કૉલર)
સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી.

(આસિસ્ટન્ટ પ્રોફેસર)
ડિપાર્ટમેન્ટ ઑફ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ.

**સારાંશ:**

*સમાજને સમજવા માટે સાહિત્ય બહુ મોટો સ્ત્રોત છે. સમાજ વિના સાહિત્યની કલ્પના ન થઈ શકે એમ સાહિત્ય વિના સમાજની પણ કલ્પના ન થઈ શકે. સાહિત્યમાં સમાજના દરેક પાસાઓનો ઉલ્લેખ જોવા મળે છે એમાનું એક મહત્વનું પાસું છે સમાજનો અડધો અડધ ભાગ એટલે કે નારી. સ્ત્રી જીવનની અનેક ગાથાઓ સાહિત્યમાં સિંચાયેલી છે. પ્રસ્તુત અભ્યાસમાં સ્ત્રીઓની ભાવાત્મક તૂટફૂટ, સંઘર્ષ, આંતરિક વેદના, ત્યાગ વગેરે પછી અસ્તિત્વની શોધનો પ્રકાશ ઝળહળતો જોવા મળે છે. અભ્યાસમાં કૃતિનું ગુણાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું છે તેમજ તેનો મુખ્ય હેતુ બત્રીસ પૂતળીની વેદના નવલકથામાં નારીચેતના જોવાનો છે.*

*Key Words: Literature, Novel, Feminism, Patriarchal society.*

## પ્રસ્તાવના:

સાહિત્ય સમાજનું દર્પણ છે. ત્યારે સર્જક સમાજને કેન્દ્રમાં રાખીને સાહિત્યની રચના કરે છે. સર્જક સમાજનો જ ભાગ હોવાથી સમાજની હકારાત્મક કે નકારાત્મક બાબતોનું વર્ણન કરવાથી દૂર રહી શકતો નથી. જે-તે સમાજનું સામાજિક માળખું તેના સાહિત્યમાં જાણ્યે-અજાણ્યે છલકે જ છે આમ, સાહિત્યમાં ખરું સમાજદર્શન થાય છે તેમજ સાહિત્ય સમાજને યોગ્ય દિશા ચીંધી પરિવર્તનનો માર્ગ બતાવે છે. મનુભાઈ પંચોળી શિક્ષણ અને સાહિત્ય વિશે વાત કરતા કહે છે કે, "આપણા શિક્ષણમાંથી, સાહિત્યમાંથી એવી તાકાત જન્મવી જોઈએ કે જેથી સામાન્ય માણસ ઊઠીને ઊભો થાય અને અન્યાય-નિવારણ માટે લડત આપે.".

નારીજીવન આપણાં સમાજનું અભિન્ન અંગ છે, આમ છતાં તેની મહત્તાને આપણે જોઈએ તેટલી બિરદાવી શક્યા નથી. પૌરાણિક યુગમાં દેવી બનાવી, આદર્શ આર્યનારી બનાવી સોનાના પિંજરામાં પૂરી દેવામાં આવી હતી અને તે દુનિયા કાલ્પનિક રીતે સુંદર પણ વાસ્તવિક્તામાં અકલ્પનીય અને અપરિમિત ત્યાગ માંગી લે તેવી! તેને રાજકુમારી, રાણી, રાજમાતા પણ બનાવવામાં આવી પણ અંતે તો તેણે પુરુષપ્રધાન સમાજ આગળ નમતું મૂકવું જ પડયું. આ સમાજે સીતાની પણ અગ્નિ પરીક્ષા લીધી, દ્રોપદી પર પણ આંગળી ચીંધી. પૌરાણિક યુગ હોય કે આજનો વર્તમાન સમય આમાં બદલાયું શું? આ પ્રશ્નનો ઉત્તર પણ સાહિત્ય પાસેથી જ મળે. સિમોન દ બુઆના લખાણોએ સ્ત્રીઓ પ્રત્યેની નકારાત્મક વિચારસરણી અને અત્યાચારો વિરુદ્ધ મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે તે વિશ્વમાં સ્ત્રીઓની ઓળખ અને મુક્તિ માટેનું પ્રથમ કાર્ય હતું. (અગ્રવાલ, 2003). સાહિત્યમાં સમગ્ર સમાજનું ચિત્રણ દર્શાવવામાં આવે છે ત્યારે તેમાં સમાજના અદ્વિતીય ભાગ એવી સ્ત્રીઓનું ચિત્રણ પણ જોવા મળે છે. આ ચિત્રણ નિર્દોષ નારીબાળથી લઈ સમાજના તમામ વાર-પ્રહાર ઝીલી ચૂકેલી વૃદ્ધાનો ઉલ્લેખ કરે છે. આ ચિત્રણ બાળપણની સાહસી, નિખાલસ, જિદ્દી બાળકીથી લઈ હસતાં-હસતાં ભાઈને પોતાના ભાગની મિલકત, પતિને

https://www.gapbhasha.org/

પોતાની સ્વતંત્રતા, સાસરિયાઓને પોતાનું આત્મસન્માન અને બાળકોની માટે પોતાનું સૌંદર્ય અને સપનાઓ ભૂલાવી નાખે તેવું પણ હોય છે. આમ, સાહિત્યમાં નારીચિત્ર અનેક સ્વરૂપે વર્ણવેલુ જોવા મળે છે જેને સમાજની કોઈ ને કોઈ સ્ત્રી તો વાસ્તવિકતામાં જીવી જ હોય.

## અભ્યાસના હેતુઓ:

- સાહિત્ય અને સમાજનો સબંધ તપાસવો.
- બત્રીસ પૂતળીની વેદના નવલકથામાં સ્ત્રીઓનો દરજ્જો તપાસવો.
- લેખિકાનો નારી પ્રત્યેનો દ્રષ્ટિકોણ તપાસવો.
- નવલકથામાં નારી પાત્રોના દમન અને સશક્તિકરણનું વિશ્લેષણ કરવું.

## સંશોધન પદ્ધતિ:

પ્રસ્તુત અભ્યાસમાં નારીવાદી દ્રષ્ટિકોણથી નવલકથાનાં નારીપાત્રનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. કલા, સાહિત્ય વિષયોના અભ્યાસ માટે વિશેષ પદ્ધતિઓનો ઉપયોગ કરવો મહત્વની બાબત છે. કોઈ પણ સાહિત્યના અભ્યાસ માટે વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો પણ ઉપયોગ થાય છે. વિષયવસ્તુ વિશ્લેષણ સાહિત્યમાં રહેલા સંદેશા, સમય, સ્થાન, સ્થિતિ, પ્રતીકો વગેરે સમજવામાં ઉપયોગી બને છે. પ્રસ્તુત અભ્યાસમાં વિષયવસ્તુ વિશ્લેષણ (Content Analysis) નો ઉપયોગ કરવામાં આવ્યો છે. "વિષયવસ્તુ વિશ્લેષણ એ સંપ્રેષણમાં વ્યક્ત વિષય વસ્તુનું અનાત્મલક્ષી અને વ્યવસ્થિત રીતે તથા પરિમાણાત્મક સ્વરૂપે વર્ણન કરવા માટેની એક સંશોધન ટેકનિક છે." – બેરલસન. (શુક્લ, 2020)

## સાહિત્ય અને સમાજ:

સાહિત્ય અને સમાજ પરસ્પરાવલંબી સબંધ ધરાવે છે. સાહિત્યમાં સમાજની દરેક બાબતોનો અલગ-અલગ દૃષ્ટિકોણથી ઉલ્લેખ થાય છે. જેમ-જેમ સમાજ પરિવર્તન પામે છે તેમ-તેમ તેના સાહિત્યમાં પણ પરિવર્તન આવે છે. સાહિત્ય સતત સમાજના પ્રવાહની નોંધ લે છે.

સમાજની જુદી-જુદી સંસ્થાઓ પર સાહિત્યની અસર કે ઉલ્લેખ હોય કે ન પણ હોય પરંતુ સાહિત્ય પર સમાજની દરેક સંસ્થાની સ્પષ્ટ કે અસ્પષ્ટ, પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે અસર અને ઉલ્લેખ જોવા મળે જ છે, સાહિત્ય અને સમાજ પરસ્પર એવી રીતે સંકળાયેલ છે કે બંને એકબીજા પર પ્રભાવ પાડે છે. એટલે જ કહેવાય છે કે જેવો સમાજ તેવું સાહિત્ય. સાહિત્ય થકી સમાજને ગૌરવ પ્રાપ્ત થાય છે. ગૌરવ પોતાની સંસ્કૃતિનું, ગૌરવ પોતાની સભ્યતાનું, ગૌરવ આપણે જે કઇં છીએ તેનું. આ જ સાહિત્ય સમાજના એવા ભાગની હકીકતોને પણ સામે લાવે છે જે પળભરમાં સમાજના ગૌરવને હણી નાખે છે. સમાજનો એવો ભાગ જ્યાં માનવીય કે સામાજિક ન્યાયનું અસ્તિત્વ શૂન્ય બરાબર જ હોય. સમાજનો એવો હિસ્સો જેનું વર્ણન કર્યા વિના સર્જક ન જ રહી શકે. સમાજમાં નજીવી ગણાતી પણ છતાં સમાજના વિકાસને, તેના સુગ્રથનને અસ્ત-વ્યસ્ત કરી નાખતી, સમાજને પાછી ઠેલતી સમાજની બદીઓ સર્જકના સાહિત્યના સમાજમાં છલકાયાં વિના રહેતી નથી. સમય બદલાય છે તેમ સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં પણ બદલાવ જોવા મળે છે પરંતુ સમાજને છતો કરવાનો સાહિત્યનો ગુણ આજ સુધી બદલાયો નથી, બદલાશે પણ નહીં.

પ્રસ્તુત અભ્યાસમાં સાહિત્ય અને સમાજ કેવી રીતે પરસ્પર સંકળાયેલ છે, સાહિત્યમાં કેવી નારીચેતના વ્યક્ત થાય છે, તે 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથાના સંદર્ભમાં દર્શાવવામાં આવેલ છે.

## 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથામાં નારીચેતના:

ઇલા આરબ મહેતાની 'બત્રીસ પૂતળીની વેદના' (૧૯૮૨) ને ગુજરાતી સાહિત્યમાં સૌપ્રથમ નારી સંવેદના વ્યક્ત કરતી નવલકથા કહેવામાં આવે છે. આ નવલકથામાં બત્રીસ જેટલા પાત્રો કલ્પવામાં આવ્યા છે જે સમાજની કડવી વાસ્તવિક્તાઓને ઉજાગર કરતાં ક્ષણભર વિચાર કરતા નથી. નવલકથાના દરેક પાત્ર કોઈ ને કોઈ રીતે પુરુષપ્રધાન સમાજથી પીડાતા આલેખાયા છે તેમ છતાં નવલકથાના પાત્ર પુરુષ વિરોધી ન રહી પુરુષપ્રધાન સમાજ વિરુદ્ધ સ્ત્રીઓના

https://www.gapbhasha.org/

માનવી તરીકેના હક મેળવવા માટે પોકારે છે.

"ગુજરાતી સાહિત્યમાં નવમાં દાયકાની શરૂઆતમાં આધુનિકતાના ઓસરતા પૂર વચ્ચે પ્રકાશિત થયેલી ઇલા આરબ મહેતાની 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથા આજના તબક્કે પશ્ચાદવર્તી નજરે જોતાં અનુઆધુનિકતાવાદનું સ્પષ્ટ લક્ષણ ધારણ કરતી હોય એમ જોઈ શકાય છે" – ચંદ્રકાન્ત ટોપીવાળા

નવલકથાનું મુખ્ય પાત્ર અનુરાધા છે જે નવલકથાકાર છે. અનુરાધાની નવલકથા 'બંધન તૂટયા'ના કેટલાક ફકરાઓથી પ્રારંભાય છે. આ ફકરાઓ અનુરાધાના પતિ રસેશ દ્વારા વાંચવામાં આવે છે અને ત્યારથી ચાલુ થાય છે નવલકથાના જુદા-જુદા નારીપાત્રોની મનોવ્યથા અને દશા. રસેશ દ્વારા 'બંધન તૂટયા' નવલકથાને ખૂબ ધૃણાસ્પદ પ્રતિસાદ અપાયો, તેનું કારણ હતું 'બંધન તૂટયા'માં આલેખવામાં આવેલ સુરમ્યાનું પાત્ર જે વિધવા હોવા છતાં અન્ય પુરુષ પ્રત્યે આકર્ષાય છે. પતિ દ્વારા કાલ્પનિક પાત્રોનું પણ આવું અસ્વીકરણ અનુરાધાની અભિવ્યક્તિની સ્વતંત્રતા પર પ્રશ્ન મૂકે છે, તેને ચિંતનમાં મૂકી દે છે, તેને લખવા સુદ્ધાંની સ્વતંત્રતા નથી. રસેશના વ્યક્તિત્વમાં એવા પુરુષનું વ્યક્તિત્વ છલકાય છે જે માત્ર સ્ત્રીઓને આદર્શનારી જ બનાવવા ઈચ્છે છે તેમાં રસેશની પુરુષપ્રધાન માનસિકતા જોઈ શકાય છે. અનુરાધાને તેણે ગૃહકાર્ય, પુત્ર અપૂર્વની સારસંભાળ રાખ્યા પછી લેખનકાર્ય કરવા સુધીની પરવાનગી આપી છે. અનુરાધા જાહેર ખબર અને તેમાં સ્ત્રીદેહના પ્રદર્શનોનું ગેરવ્યાજબીપણું પોતાના લખાણમાં ઉગ્રભાવે દર્શાવે છે, જેથી તે સંવેદનશીલ, સાહસિક અને પ્રાવિણ્યશાળી લેખિકા હોવાનું જણાય છે.

અનુરાધાના લેખનકાર્યથી પ્રસન્ન થઈ સદ્દગુણા સદનમાં આર્યનારી હિતવર્ધક મંડળના સો વર્ષની ઉજવણીમાં સંસ્કારી નાટક લખવા માટે શાસ્ત્રીજીએ અનુરાધાને આમંત્રિત કરી. શાસ્ત્રીજીનું વ્યક્તિત્વ પણ પુરુષપ્રધાન જ જોવા મળ્યું. સમાજ સ્ત્રીઓ પ્રત્યે જાત-જાતનાં દ્રષ્ટિકોણ ધરાવે છે, શાસ્ત્રીજીના પણ સ્ત્રીઓ પ્રત્યેના પોતાના દ્રષ્ટિકોણ હતા. તેઓ મંડળની બહેનો માટે ઘણા હિતકાર્યો કરતા પરંતુ તમામ સ્ત્રીઓ આર્યનારી જ હોવી જોઈએ તેવું તેમનું માનવું હતું. જો કે પુરુષે પુરુષે આર્યનારીની વિભાવના બદલાતી જોવા મળે તેમાં નવાઈ નહીં. પુરાણોમાં વર્ણિત આદર્શ સ્ત્રીઓના ઉદાહરણો આજે પણ આધુનિક યુગની સ્ત્રીઓને આપવામાં આવે છે પરંતુ પુરાણોમાં વર્ણિત એ આદર્શ પુરુષોનું ઉદાહરણ તો આપવું જ રહ્યું.

રામાયણના કૌશલ્યા, સીતા, કૈકેયી, મંથરા જેવા પાત્રો અને તે પાત્રોના આદર્શવાદને લઈ અનુરાધા નાટક તૈયાર કરે છે. આ નાટકના પાત્રો માટે છાયા, રેખા, વિભાવરી અને વિનોદિનીની પસંદગી થાય છે. નવલકથા આગળ વધે છે તેમ નારીપાત્રો છાયા, રેખા, વિભાવરી અને વિનોદિનીના અંગત અને દામ્પત્ય જીવનનું કડવું ચિત્રણ વાચકો સમક્ષ રજૂ થાય છે.

સ્ત્રીઓને ઘણા દાયકાઓથી બેવડી ભૂમિકાની સમસ્યાનો સામનો કરવો પડ્યો છે, એમાં પણ પત્ની જો પતિ કરતાં ઊંચા હોદ્દા પર હોઈ, વધારે કમાય તો ગૃહ-કંકાસનું સ્વરૂપ કેવું હોય? આવું જ કંઇક બને છે છાયા અને પતિ પરાશર સાથે જ્યારે છાયા નોકરી અને ગૃહકાર્ય વચ્ચે પિસાય છે ત્યારે પરાશર સહકાર આપવાને બદલે વધુ પ્રશ્નો ઊભા કરે છે ઉપરાંત તેની નોકરીની બઢતી બદલ તેના ચારિત્ર્ય પર શંકા કરે છે.

ચાલીના વાતાવરણમાં મોટી થયેલી રેખાને પતિ વિપુલે સો રૂપિયાની શરતે જીતી હતી. પતિ વિપુલને રેખા હંમેશા સુડોળ અને સુંદર જ જોવા માંગતો હતો. રેખા ઈચ્છે તો પણ અને ના ઈચ્છે તો પણ. પોતાને બીમાર માતાની ખબર પૂછવા જવાની પણ સ્વતંત્રતા ન હતી. તેની હાલત તેના જ ઘરમાં સુશોભન માટે મૂકેલા માછલીઘરની માછલી જેવી હતી.

વિભાવરી અનુરાધાની સખી છે. વિભાવરી પોતે એક અદાકારા છે જેના સુખમય દાંપત્ય જીવનનો ખૂબ કરૂણ અંત આવે છે. વિભાવરીનો પતિ મયંક સહ-નાટ્યકલાકાર ગીતાના પ્રેમમાં પડે છે અને વિભાવરીને મૂકીને ચાલ્યો જાય છે ત્યક્તા તરીકે તેનું જીવન તે કલ્પી શકતી નથી. તે પોતાની જાતની મંથરાના સત્ય સાથે તુલના કરે છે, આથી જ તે મંથરાનું પાત્ર ભજવે છે.

વિનોદિનીને દસેક વર્ષના દાંપત્ય જીવનમાં નિઃસંતાનપણું હતું, પરંતુ એથીયે વધારે દુઃખ તેને પોતાના ખાલી ખોળા માટે મહેણાં મારનાર લોકોથી લાગતું હતું. નિઃસંતાન વિનોદિની લોકોના ડોક્ટર, જ્યોતિષીઓ, તાંત્રિકો વિશેના સલાહ-સૂચનો તેમજ જાણ્યા-અજાણ્યા નુસખાઓથી કંટાળી ગયેલી જોવા મળે છે. તેનો અન્ય બાળકો અને ખાસ કરીને બાળમજૂરો પ્રત્યેની લાગણી અને પ્રેમ તેના પોતાના બાળક માટેની મમતાથી ઓછો નથી.

આ ઉપરાંત કૃતિમાં અન્ય પાત્રોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે સમાજની કોઈ ને કોઈ કુરીતિઓનો ભોગ બનેલા

https://www.gapbhasha.org/

છે જેમાં, ૧૦ વર્ષની વયે વિધવા બનેલી બડી અમ્મા, પતિના નિર્ણય સમક્ષ વિવશ થઈ ૭ બાળકોને જન્મ આપી ફરી એક વાર પોતાના સ્વાસ્થ્યના ભોગે માતા બનવા જઇ રહેલ ગંગાબાઇ, પોતાને ધર્મ બદલવા માટે મજબૂર કરતા વિધર્મી પ્રેમીથી ત્રસ્ત માર્શિયા, માતા-પિતાના છૂટાછેડા વચ્ચે એકલી પડેલી પાયલ, બાળવયે ઘરકામે જતી કુંટી, પતિની બીમારીની સારવાર માટે મદદ શોધતી કિશોરી વગેરે જેવા પાત્રોની વ્યથા આ કૃતિમાં વર્ણવવામાં આવેલ છે. કૃતિમાં વર્ણીત પૂતળીરૂપી આ પાત્રો પોતાની વેદનાને વાચા આપે છે. દરેક પાત્ર સમાજના સભ્યોની જ બનાવેલી સમાજ વ્યવસ્થાથી અસંતુષ્ટ છે. સમાજે સ્ત્રીઓને પક્ષે ઘણી વેદનાઓ લખી મૂકી છે જેને ભૂંસતા ક્યારેક સ્ત્રી પોતે ભૂંસાય જાય છે, ક્યારેક તેના માથે થોડી વધુ વેદનાઓ આવી પડે છે તો ક્યારેક આ વેદનાઓ મક્કમ સ્ત્રીઓ સામે ઘૂંટણ પણ ટેકે છે. આવી જ સામાજિક વેદનાઓને માત આપી સફળતાઓના શિખરો સર કરેલ અસંખ્ય સ્ત્રીઓના ઉદાહરણો પણ આપણે સૌ જોઈ રહ્યા છીએ.

નવલકથામાં અલગ અલગ ભાષા-બોલીઓ, સમય, સ્થાન, તથા કટાક્ષરૂપે પિંજરાનું પંખી, તૂટેલી બારીઓ, કાગડાની કર્કશ, કચરાના ઢગલા વગેરેનું વર્ણન કૃતિમાં જીવ પૂરી આપે છે. સંસ્થાના સો વર્ષે ભજવવા માટેનું નાટક કૃતિનું મુખ્ય આકર્ષણ છે. શાસ્ત્રીજીના આદેશથી રામાયણના કૌશલ્યા, સીતા, કૈકેયી, મંથરા જેવા પાત્રો અને તે પાત્રોના આદર્શવાદને લઈ અનુરાધા નાટક તૈયાર કરે છે. આ નાટકના પાત્રો માટે છાયા, રેખા, વિભાવરી અને વિનોદિનીના સંપર્કમાં અનુરાધા આવે છે. નાટકની તૈયારીઓ વખતે સૌ એક પછી એક એક કરીને પોતાની મનોવ્યથા કહે છે. "રૂપાળા મહેલમાંથી મુક્તિ માંગતુ રેખાનું કૈકેયીપણું, વંધ્યત્વની અભિશપ્ત મનઃસ્થિતિમાંથી વિનોદિનીનું પ્રગટ થતું એકલતાસભર કૌશલ્યાપણું, પતિની શંકાની અગ્નિપરીક્ષામાં પ્રગટ થતું છાયાનું સીતાપણું, પતિની વરવી સચ્ચાઈનો સામનો કરતું વિભાવરીનું મંથરાપણું." (ટોપીવાળા, 2005)

કૃતિને અંતે નાટક માટે એકઠા થયેલા નારીપાત્રો નાટક અટકાવી નાટકનો ઈન્કાર કરે છે. નાટકકાર અનુરાધા સ્ટેજ પર આવી કહે છે, "શાસ્ત્રીજી, બહુ નાટકો કરાવ્યા સ્ત્રીઓ પાસે. ઘણા ખેલ ખેલ્યા અમે. હવે અમે નાટક નહીં કરીએ" (મહેતા, 2020). માત્ર મંચ પર જ નહીં પરંતુ મંચરૂપી સમાજમાં પણ ઈચ્છા વિરુદ્ધ, આત્મસન્માન વિરુદ્ધ 'નાટક' ન કરવા માટે નારી પાત્રો સંદેશ આપે છે નારીપાત્રો પોતાના અંગત જીવનમાં પણ આર્યનારીના ખોખલા ઢાંચામાં ઢળી ઢળીને તૂટી ગયા ને છતાંય તેઓ પોતાને ન્યાય ન અપાવી શક્યા. સ્ત્રીધર્મના નામે શોષણ કરતો પુરુષપ્રધાન સમાજ સ્ત્રીઓ પાસે આવા જ નાટકોની અપેક્ષાઓ રાખતો જોવા મળ્યો છે. આ નાટકો વિરુદ્ધ નવલકથાકારે ખડેપગે પ્રતિકાર કર્યો છે. સામાજિક દ્રષ્ટિએ જોતાં આ કૃતિ સમાજનાં ઘણા બધા નકારાત્મક પાસાઓ પર પ્રકાશ નાખી સમાજને સમાનતાના અજવાળા તરફ વળાવવાનો સુપ્રયાસ કરે છે. સમાજે સદીઓથી સ્ત્રીઓને સાંકળોમાં જકડી રાખી છે પરિવર્તન તો માત્ર એ જ કે સમયાંતરે આ સાંકળો લાંબી કરાઇ. આ સાંકળોથી છૂટવાનું અને છોડાવાનું કર્તવ્ય એ આપણા સૌનું.

## તારણો:

- આધુનિકતા તરફ પ્રયાણ કરી રહેલ સમાજનું પ્રતિબિંબ બરાબર રીતે નવલકથામાં દેખાય છે જે સાહિત્ય અને સમાજના સબંધને દર્શાવે છે.
- લેખિકાએ સ્ત્રીજીવનની સમસ્યાઓને આધુનિક રીતે પ્રસ્તુત કરી છે.
- કૃતિમાં પરંપરાગત અને આધુનિક મૂલ્યો વચ્ચેનો સંઘર્ષ જોવા મળે છે.
- કૃતિમાં પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાના દર્શન થાય છે.
- સંપૂર્ણ નવલકથાના નારીપાત્ર અનેક સંઘર્ષો હોવા છતાં પણ પોતાના હક્ક પ્રત્યે સભાન જણાયા છે.
- નવલકથાના નારીપાત્ર પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાનો મૌન પ્રતિકાર કરતી જણાય છે.

## ઉપસંહાર:

નવલકથાના દરેક પાત્રએ પરિવાર, સમાજના કથિત રિવાજો, કહેવાતા સંસ્કાર વગેરેને કારણે પોતાના અસ્તિત્વને સીમિત રાખ્યું છે. સહનશીલ, ત્યાગ, ઉદારતા વગેરેનું પ્રતિક બનાવવા માટેની સમાજની માનસિકતા જ નારીની પ્રગતિમાં અવરોધક બની રહે છે. લેખિકાએ સ્ત્રીઓની આવી દયનીય સ્થિતિ બતાવીને પિતૃપ્રધાન સમાજ વિરુદ્ધ કટાક્ષ કર્યો છે, સાથે જ નવલકથાના અંતે દરેક નારીપાત્ર પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થઈ પ્રતિકાર કરે છે જે નારીવાદના બીજા તબક્કાને

https://www.gapbhasha.org/

પ્રતિબિંબિત કરે છે.

## સંદર્ભ સૂચિ:

[1] મહેતા ઇલા, (2020). *બત્રીસ પૂતળીની વેદના.* અમદાવાદ : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય .

[2] જાની, રાજેન્દ્ર. (2021). *સાહિત્ય અને સમાજનો અનુબંધ.* સાહિત્ય સેતુ.

[3] પટેલ, સંગીતા. (2014). *સાપના ભારા એકાંકીનું સામાજિક વિશ્લેષણ.* શબ્દ સાધના સામાયિક.

[4] અગ્રવાલ ચંદ્ર મોહન. (2003). *નારી અન્તર્દર્પન વ સમાજ .* દિલ્લી : ઇંડિયન પબ્લિશર્સ ડિસ્ટ્રિબ્યુટર્સ .

[5] ટોપીવાળા ચન્દ્રકાન્ત (2005). *ગુજરાતી નવલકથા માનકના વિસ્તાર .* પ્રત્યક્ષ .

[6] વી. ભારતી, (2015). *નારીવાદ: પુનર્વિચાર.* અમદાવાદ : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

[7] જોશી વિદ્યુત , (2012) *સાહિત્ય અને સમાજ.* અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.

[8] શુક્લ સતીશપ્રકાશ . (2020). *સંશોધન પરિચય અને પદ્ધતિશાસ્ત્ર .* અમદાવાદ : સતીશપ્રકાશ એસ. શુક્લ .

[9] https://gujarativishwakosh.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# 'અકૂપાર' નવલકથામાં ગ્રામ્ય સમાજ અને માનવીય સંવેદનાઓ

**ધાર્મિક પ્રજાપતિ, ડૉ. સી. જી. બ્રહ્મભટ્ટ**

(Ph.D સ્કૉલર)
સમાજશાસ્ત્ર વિભાગ,ગુજરાત યુનિવર્સિટી.

પ્રોફેસર, MMTTC, UGC, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**સારસંક્ષેપ:**

*પ્રસ્તુત સંશોધન ૨૦૧૧માં પ્રકાશિત થયેલ ધ્રુવભટ્ટની પ્રસિદ્ધ નવલકથા 'અકૂપાર'માં દર્શાવાયેલ ગ્રામ્ય સમુદાય અને માનવીય સંવેદનાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પ્રસ્તુત કથામાં ગામ માત્ર પરંપરાગત ભૌગોલિક એકમ નહીં પરંતુ સામાજિક અને સાંસ્કૃતિક જીવનના પ્રતિબિંબ તરીકે રજૂ કરવામાં આવ્યું છે. નવલકથામાં દર્શાવાયેલ ગામ એ પરંપરાગત ગ્રામ્ય વ્યવસ્થા કરતાં મહદઅંશે જુદા તરી આવે છે. અહીં પરંપરાગત અને આધુનિક ગામ નહીં પરંતુ એક કે એકથી વધુ પરિવારોનો સમૂહ વસવાટ કરે છે જેને 'નેસ' તરીકે ઓળખવામાં આવે છે. આ સમુદાયમાં પ્રકૃતિ સાથેના ગાઢ સંબંધ અને પરંપરાગત મૂલ્યો સ્પષ્ટ જોવા મળે છે. આ અભ્યાસમાં 'નેસ' આધારિત ગ્રામ્ય વ્યવસ્થા, નવલકથામાં વ્યક્ત થયેલી માનવીય સંવેદનાઓ અને પરંપરાગત ગ્રામ્ય વ્યવસ્થા અને 'અકૂપાર' માં વ્યક્ત થયેલી ગ્રામ્ય વ્યવસ્થાનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે.*

**Keywords:** Akoopar, Rural Society, Nes, Human Sensibilities, Coexistence with Nature.

## પ્રસ્તાવના:

ગુજરાતી સાહિત્યમાં ગ્રામીણ સમુદાય અને ગ્રામીણ જીવનશૈલી પોતાનું આગવું સ્થાન ધરાવે છે. અલબત્ત જ્યારે કોઈ વિસ્તાર કે સમુદાયનું મૂળભૂત જીવન દર્શાવવું હોય ત્યારે તેના ગામડાઓનું દર્શન કરવામાં આવે છે. કારણ કે, ગામડાં એ ભારતીય સંસ્કૃતિનો પાયો છે. અનેક લેખકો અને સાહિત્યકારોએ પોતાની કૃતિઓમાં ગ્રામીણ જીવનશૈલી, મૂલ્યો અને પરંપરાઓનો આધાર લીધો છે.

ધ્રુવ ભટ્ટની નવલકથા 'અકૂપાર'એ આ બાબતમાં આગવું સ્થાન ધરાવે છે. આ નવલકથામાં એમ. એન. શ્રીનિવાસ દ્વારા ગામડાની જે વ્યાખ્યા કરવામાં આવી છે તેવા પરંપરાગત ગામડાં જોવા મળતા નથી. પરંતુ ગીરના જંગલોમાં વસતા પશુપાલન સાથે જોડાયેલી માલધારી જ્ઞાતિઓના 'નેસ' જોવા મળે છે. આ સમૂહના લોકો પ્રકૃતિ સાથે અભેદ્ય રીતે જોડાયેલા છે. જંગલના રાજા કહેવાતા સિંહ સાથે પણ તેઓનું અદ્ભુત અનુકૂલન જોવા મળે છે. તેઓ માને છે કે 'સિંહ છે તેઓ છે અને તેઓ છે તો સિંહ છે'. આ વાક્ય તેઓની પરસ્પર સામ્યતા અને એકબીજા પરની નિર્ભરતા દર્શાવે છે.

"અકૂપાર"ના લેખક ધ્રુવભટ્ટનું પૂરું નામ ધ્રુવ પ્રબોધરાય ભટ્ટ છે. તેમનો જન્મ 8 મે 1947ના રોજ ભાવનગર જિલ્લાના નિંગળામાં થયો હતો. તેમના દ્વારા અકૂપાર નવલકથા 2011માં પ્રકાશિત કરવામાં આવી હતી. નવલકથાનો નાયક પંચતત્વોમાંની એક તત્વરૂપા પૃથ્વીના ચિત્રો દોરવા માટે ગીરના જંગલોમાં આવે છે. ત્યાં નેસના લોકો સાથે ભળીને ગીરમાં બનેલા વિવિધ બનવો અને ગીરની પ્રકૃતિની સૌંદર્યતા અને ત્યાંના માલધારીઓના ચિત્ર દોરે છે અને પોતાને થતા વિવિધ અનુભવો દર્શાવે છે. આ કથામાં ગ્રામ્ય સમાજની સાથો સાથ માણસોનો પ્રકૃતિ સાથેનો લાગણી સભર સબંધ પણ જોવા મળે છે. કથાના વિવિધ પત્રોમાં દયા, બહાદુરી, સહકારની ભાવના અને પ્રકૃતિ પ્રત્યેની વિશિષ્ટ લાગણી પ્રગટ થાય છે

https://www.gapbhasha.org/

અને આ કથામાં માનવતાના દર્શન પણ થાય છે. પ્રસ્તુત સંશોધન પત્રમાં 'અકૂપાર' નવલકથામાં દર્શાવેલ ગ્રામ્ય સમાજની રચના તથા તેમાં જોવા મળતી માનવીય સંવેદનાઓનો સમાજશાસ્ત્રીય અને સાહિત્યિક દ્રષ્ટકોણથી અભ્યાસ કરવામાં આવ્યો છે.

## અભ્યાસના હેતુઓ:

1. ધ્રુવભટ્ટની નવલકથા 'અકૂપાર'માં દર્શાવાયેલ નેસ આધારિત ગ્રામ્ય સમાજનો અભ્યાસ કરવો
2. નવલકથામાં વ્યક્ત થયેલી માનવીય સંવેદનાઓ- કરુણા, સહકાર, સંઘર્ષ અને સહઅસ્તિત્વનું વિશ્લેષણ કરવું.
3. પરંપરાગત ગ્રામ્ય વ્યવસ્થા અને 'અકૂપાર'માં દર્શાવાયેલ ગ્રામ્ય સમાજ વચ્ચેના તફાવતને સમજવો.

## સંશોધન પદ્ધતિ:

પ્રસ્તુત સંશોધનમાં ધ્રુવભટ્ટની નવલથા 'અકૂપાર' આધારિત ગુણાત્મક, પાઠય વિશ્લેષણાત્મક અને વિષય આધારિત સાહિત્યિક અભ્યાસ પદ્ધતિનો આધાર લેવામાં આવ્યો છે.

## નવલકથાનો પરિચય:

ગુજરાતી સાહિત્યમાં ધ્રુવભટ્ટની નવલકથાઓ આગવું સ્થાન ધરાવે છે. તેમની કૃતિઓમાં પ્રકૃતિ અને માનવ વચ્ચેના સબંધોનું આધ્યાત્મિક અને સામાજિક આયામ જોવા મળે છે. તેમની 2011માં લખાયેલી પ્રસિદ્ધ નવલકથા 'અકૂપાર'માં ગ્રામ્યજીવન અને લોકોની પરસ્પર અને પ્રકૃતિ પ્રત્યેની લાગણી જોવા છે.

'અકૂપાર' નવલકથામાં ગિરનારની તળેટીમાં પથરાયેલા અને ગુજરાતમાં ભૌગોલિક રીતે આગવું મહત્વ ધરાવતા ગીરના જંગલોની સંસ્કૃતિનું આબેહૂબ વર્ણન જોવા મળે છે. આ નવલકથાનો નાયક પંચમહાભૂતોમાંની એક તત્વરૂપા પૃથ્વીના ચિત્રો દોરવા માટે ગીરના જંગલોમાં આવે છે. અને અહીં થોડોજ સમય રહીને અહીંના લોકોમાં ભળીજાય છે. અથવા કહી શકાય કે અહીંના લોકો તેને પોતાનામાં ભેળવી લે છે. નાયક સાથે ગીરમાં વસતા લોકો જાણે કેટલાય વર્ષોની ઓળખાણ છે એ રીતે વ્યવહાર કરતા દેખાય છે. આ કથામાં માનવીય સંવેદનાઓ વિશેષ રૂપે જોવા મળે છે. નવલકથાના પત્રોમાં પ્રેમ, કરુણા, આદર, સહનાભૂતિ, દુઃખ અને સંઘર્ષ જેવી ભાવનાઓ અને તેને જતાવવાની સહજતા સ્પષ્ટ પણે જોઈ શકાય છે. દા.ત. સાંસાઈની અને આઈ માની સિંહ, અન્ય પશુ-પક્ષીઓ અને ગિરના વૃક્ષોથી માંડીને નાના છોડ પ્રત્યે લાગણી અને જવાબદારી જોવા મળે છે. લેખકે આ લાગણીઓને જેટલી સ્પષ્ટ દર્શાવી છે એ બાબત એટલી જ આ કથાને જીવંત રૂપ આપે છે. સમગ્ર ગીર જાણે પૃથ્વી પર અલગ વિશ્વ અસ્તિત્વ પામ્યું હોય તેવી રીતે ત્યાંના લોકો અને વન્યજીવો જાણે પોતાનામાં જ ખોવાયેલા જોવા મળે છે. તેમના સંબંધો લાગણીઓથી બંધાયેલા જોવામળે છે. અકૂપાર નવલકથા પોતાની રસપ્રદ કથાવસ્તુ, જીવંત પાત્રાલેખન અને ગીરના લોકજીવનના હૃદયસ્પર્શી નિરૂપણને કારણે વાંચકોને શરૂઆતથી અંત સુધી જકડી રાખે છે.[1]

## અકુપારમાં ગ્રામ્ય સમાજ:

ધ્રુવભટ્ટે 'અકૂપારમાં' ગ્રામ્ય જીવનનું ચિત્રણ વાસ્તવિકરૂપે કર્યું છે. આ નવલકથા માત્ર વ્યક્તિગત વિચારધારા પૂરતી સીમિતના રહેતાં સામૂહિક જીવનને દર્શાવે છે. જેમાં પરંપરા, સંસ્કૃતિ અને પોતાના આસપાસના પર્યાવરણ પ્રત્યે સભાનતા અને સહાનુભૂતિ જોવા મળે છે. અહીંના લોકો મૂળ પશુપાલનનો વ્યવસાય ધરાવતી માલધારી જ્ઞાતિના છે જે સમૂહમાં રહે છે. આ સમૂહ "નેસ" તરીકે ઓળખાય છે. તેમનું જીવન પશુપાલન આધારિત અને અન્ય ચીજ વસ્તુઓ માટે આસપાસના શહેરો પર આધારિત છે.આ નવલકથાના પત્રોમાં સાદગી, ભોળપણ અને પ્રકૃતિ સાથે પરસ્પરનું અનુકૂલન જોવા મળે છે. 'અકૂપાર'માં લોકોની આર્થિક પરિસ્થિતિ, પરંપરાગત માન્યતાઓ અને સામાજિક બંધનોના કારણે તો ક્યારેય પોતાની ઈમાનદારી અને કરુણાના કારણે કેટલીક મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડે છે. લેખકે ગામની એક જીવંત છબી ઊભી કરીને તેની સામાજિક અને સાંસ્કૃતિક વિશેષતાઓને ઉજાગર કરી છે. 'અકૂપાર'માં ગ્રામ જીવનનું વર્ણન માત્ર નથી પરંતુ ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનું પ્રતિબિંબ જોવા મળે છે. પરંપરા, સમૂહભાવના, અને પ્રકૃતિ સાથેનો ગાઢ સંબંધ ગામને જીવંત બનાવે છે. લેખકે ગામને આધુનિકરણની દોડમાં ખોવાઈ રહેલાં માનવીય મૂલ્યોના સંરક્ષક તરીકે દર્શાવ્યું છે.

https://www.gapbhasha.org/

## નવલકથામાં વ્યક્ત થયેલી માનવીય સંવેદનાઓ:

ધ્રુવભટ્ટની નવલકથા ‘અકૂપાર’ ગ્રામ્ય જીવનના પરિપ્રેક્ષ્યમાં માનવીય મૂલ્યો અને સંવેદનાઓની ઊંડાણપૂર્વક રજૂઆત કરે છે. આ સંવેદનાઓ માત્ર વ્યક્તિગતના રહેતાં સામૂહિક રૂપે જોવા મળે છે. અહીંના લોકોમાં માત્ર માણસ પ્રત્યે જ નહીં પરંતુ જંગલમાં રહેતા દરેક જીવ, જંગલ અને નદી સાથે લાગણીના સંબંધો જોવા મળે છે. લાગણી અને સંવેદના સાથે પરસ્પર મર્યાદા પણ દૃશ્યમાન થાય છે. અકૂપારના દરેક પાત્રોના જીવનમાં પ્રકૃતિનું સંરક્ષણ જીવનમૂલ્ય તરીકે જોવા મળે છે. દા.ત. કથામાં આવતા એક પાત્ર ‘રવાઆતા’ને જાણ થાય છે કે અંગ્રેજ અધિકારી લાટ ગીરના જંગલમાં સિંહનો શિકાર કરવા આવવાનો છે. આ વાતની જાણ થતાં પોતે અંધ હોવા છતાં છેક જૂનાગઢ પોંહચે છે અને લાટ સાથે રૂબરૂ મુલાકાત કરી સિંહોના શિકાર પર પ્રતબંધ લાગવડાવે છે. રવાઆતા પોતે અંધ હોવાથી બીજા કોઈની જિંદગીના બગડે એ માટે લગ્નના કરવાનો નિર્ણય લે છે પરંતુ પોતાના સગા સબંધી અને જ્ઞાતિના અવસર પ્રસંગે ગયા હોવાથી પોતે પણ જીવનમાં એક વાર બધાને આમંત્રણ આપવું જોઈએ તે માટે ગીરની બે ટેકરીઓ ઘંટલો અને ઘંટલીના લગ્ન પોતાના દીકરાના લગ્નની જેમ કરાવી બધાની આમંત્રણ આપી અવસર ઉજવે છે. આ બાબત દર્શાવે છે કે આ સમુદાયમાં પ્રકૃતિ પ્રત્યે પોતાના સંતાનો જેટલી જ લાગણી અને હિત રહેલાં છે. ગીરના સંરક્ષણ માટે બે પત્રો ‘આઈમાં’ અને ‘સાંસાઈ’ માં અલગ જ ધગસ જોવા મળે છે. આઈમાં ગીરના જંગલમાં અલગ પ્રકારનું ઘાસ ઉગ્યા જેવી બાબતથી ચિંતિત જોવા મળે છે. અને સાંસાઈ, જંગલમાં કોઈએ સિંહનો શિકાર કરે છે તેને ગોતવા ગામડાના ગામડા ફરી વળે છે, એક વાર સિંહ નદીના પૂલ પરથી પડતું મૂકીને મૃત્યુ પામે છે ત્યારે આસપાસની બજારો અને શહેરોમાં શોક પ્રસરી જાય છે અને બંધ પાડવામાં આવે છે. આ બાબત પોતાની આસપાસની પ્રકૃતિમાં રહેલ તમામ જીવ પોતાનો એક ભાગ છે પોતાના પરિવારનો એક સભ્ય છે તેવી સાબિતી આપે છે. નવલકથાના દરેક પાત્રમાં ઓછી સુવિધા હોવા છતાં સંતોષ અને સદા જીવનમાં પણ ખુશી, સ્પષ્ટ લાગણી અને તેને સ્પષ્ટ પણે રજૂ કરવાની માનસિકતા જોવા મળે છે. આથી કહી શકાય કે અકૂપાર માનવીય સંવેદનાઓનું સાહિત્ય છે.[2]

## પરંપરાગત ગ્રામ્ય વ્યવસ્થા અને ‘અકૂપાર’ની ગ્રામ્ય વ્યવસ્થા વચ્ચેનો તફાવત:

ગ્રામીણ સમાજશાત્રમાં ગામની વ્યાખ્યા મુજબ ગામ એક નાનો પ્રાથમિક સમૂહ છે જ્યાંના લોકો મોટા ભાગે ખેતી અને ખેતી આધારિત વ્યવસાય સાથે સંકળાયેલા હોય છે. અને ઓછી વસ્તીગીચતા જોવા મળે છે આ લોકો પરસ્પર અનૌપચારિક અને ઘનિષ્ઠ સબંધોથી જોડાયેલા હોય છે. અહીં સમાજશાસ્ત્રની વિભાવનાના આધારે સામાન્ય ગ્રામવ્યવસ્થા અને ‘અકૂપાર’માં દર્શાવાયેલ ગ્રામવ્યવસ્થા વચ્ચે રહેલાં તફાવતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

શ્રીનિવાસના સંસ્કૃતિકરણના ખ્યાલને આધારે કહી શકાય કે પરંપરાગત ગ્રામ્ય વ્યવસ્થામાં જાતિ આધારિત વસવાટ અને કાર્યની વહેંચણી જોવા મળે છે. જ્યારે નવલકથામાં નેસમાં વસવાટ કરતા લોકોમાં આ વ્યવસ્થા જોવા મળતી નથી. સામાન્ય ગામમાં વિવધ જરૂરિયાતો માટે વિવધ જ્ઞાતિઓનું તે કાર્યમાં પ્રભુત્વ હોય છે. પરંતુ ‘નેસ’નો માલધારી પશુપાલનથી માંડીને કડિયાકામ સુધી બધું જાતે જ કરતો જોવા મળે છે. પરંપરાગત ગામમાં લોકો એક બીજા પર આધારિત હોય છે. અને નેસમાં લોકો પોતાની જરૂરિયાતોનું કામ પોતે જ કરી લેતા હોય છે. એટલે કહી શકાય કે ‘નેસ’ કે અંતરિયાળ વિસ્તારમાં રહેતો માલધારી Jack of All Tred’s છે. પરંપરાગત ગામમાં વિવધ જ્ઞાતિઓ વસવાટ કરતી હોવાથી તેમની વચ્ચે સામાજિક ભેદભાવ રહેલો જોવા મળે છે. લોકોને તેમના કાર્ય અને જ્ઞાતિને આધારે સામાજિક દરજ્જો આપવામાં આવે છે અને પ્રભાવી જ્ઞાતિઓનું વધારે મહત્વ જોવા મળે છે. જ્યારે ‘નેસ’માં એક કે બે જ્ઞાતિના લોકો જ વસતા હોવાથી આવા ભેદભાવનો અભાવ જોવા મળે છે. સમાન્ય ગ્રામ્ય વ્યવસ્થામાં લોકો પ્રકૃતિને જીવન નિર્વાહનું સાધન ગણે છે જેમ કે ખેતી જ્યારે અકૂપારમાં પ્રકૃતિ સાથે ભાવનાત્મક જોડાણ જોવા મળે છે, પર્યાવરણને જીવન મૂલ્ય તરીકે જોવામાં આવે છે. એટલે કે અહીંના લોકો માટે પ્રકૃતિ જીવનના અસ્તિત્વ માટેની પાયાની જરૂરિયાત છે.[3]

## ઉપસંહાર:

ધ્રુવભટ્ટની નવલકથા ‘અકૂપાર’ ગ્રામ્ય સમાજ, પરંપરા અને માનવીય સંવેદનાઓનું આલેખન કરતી મહત્વની નવલકથા છે. જે સાહિત્ય અને સમાજ એકબીજાના પૂરક છે તેમ સમજવામાં મદદરૂપ થાય છે. આ નવલકથામાં ગામ માત્ર

https://www.gapbhasha.org/

પરંપરાગત ભૌગોલિક એકમ નહીં પરંતુ એક વિશિષ્ટ સાંસ્કૃતિક અને સામાજિક વ્યવસ્થા તરીકે રજૂ થતું જોવા મળે છે. ધ્રુવ ભટ્ટની આ નવલકથા વાચકોને પ્રકૃતિ સાથે જોડતા સેતુ તરીકે પુરવાર થાય છે.

## સંદર્ભ સૂચિ:

1. ભટ્ટ ધ્રુવ, અકૂપાર, ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ, 2011.
2. ગ્રામીણ સમાજશસ્ત્ર, BAOU, અમદાવાદ.
3. શ્રીનિવાસ, એમ, એન, અધુનીક ભારતમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1957
4. https://en.wikipedia.org/wiki/Dhruv_Bhatt
5. સાહિત્ય અને સમાજ, કલ્પના આર. પટેલ, Research Guru, volume 17, Issue 3, 2023

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# 'સાહિત્યનું સમાજશાસ્ત્ર': એક સંશોધનાત્મક મીમાંસા

**રાજેન્દ્ર જાની**

પ્રોફેસર
સમાજશાસ્ત્ર વિભાગ
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

**સારાંશ**

*સમાજશાસ્ત્રની વિશિષ્ટ શાખા એવી સામાજિક વિજ્ઞાનમાં જેમ સમાજશાસ્ત્રનું આગવું મહત્વ છે એમ સમાજશાસ્ત્રમાં 'સાહિત્યનું સમાજશાસ્ત્ર'એ એક આગવી શાખા છે. ઘણા વર્ષોથી અસ્તિત્વમાં આવેલી આ વિશેષ શાખામાં અભ્યાસક્રમમાં માત્ર સાહિત્ય કૃતિઓને સ્થાન અપાતું ન હતુ તેવી જ રીતે સંશોધન ક્ષેત્રની વાત કરીએ તો બહુ મર્યાદિત પ્રમાણમાં સંશોધનો થયા હતા પરંતુ છેલ્લા એક દાયકામાં આ શાખા હેઠળ નોંધપાત્ર સંશોધનો હાથ ધરાયા છે એમ ચોક્કસ કહી શકાય. 'સાહિત્યનું સમાજશાસ્ત્ર'ની શાખામાં માત્ર સંશોધન લેખો જ નહીં પરંતુ પીએચ.ડી. કક્ષાના સંશોધનો દ્વારા સંશોધકો સાહિત્યને સથવારે સમાજને સમજવાના પ્રયાસો કરે છે. આ સંશોધકોએ માત્ર આ શાખાના સંશોધનો જ નહીં પણ સાહિત્ય દ્વારા સમાજને સમજવાનો અને એને આધારે સમાજને સમજાવવાનો એક નવો ઉપક્રમ દર્શાવ્યો છે જે સાહિત્યના સમાજશાસ્ત્રમાં નવોન્મેષ જન્માવે છે. સાહિત્યના સમાજશાસ્ત્રની આ શાખામાં વૈજ્ઞાનિક અભિગમ સાથે કેવી રીતે સંશોધન કાર્યનો અવકાશ છે એ સંદર્ભે આ સંશોધન લેખમાં ચર્ચા કરવામાં આવી છે.*

**Keywords:** Sociology, Sociology of Literature, Literature In Society, Research And Innovation.

## પ્રસ્તાવના:

માનવોનો સમુદાય એ સમાજશાસ્ત્રના અભ્યાસનું ક્ષેત્ર છે. સમાજનાં અંગ તરીકે માનવ સ્વાભાવિક જ અગ્રેસર છે. આદિમ અવસ્થામાંથી ક્રમશઃ વિકસતી માનવજાતે વિશ્વભરમાં અનેક મહાન સંસ્કૃતિઓ અને સમાજ-સમૂહોને જન્મ આપ્યો છે. વનવાસી જીવનથી માંડીને મેટ્રો સીટીના મહાનગરોનું પ્રભુત્વ વધતું ચાલ્યું તેમ તેમ માનવજીવન નૈસર્ગિક સરળતા છોડીને અકલ્પનીય એવા સંકુલ જીવનમાં ગૂંથાતો ગયો તેનો ઇતિહાસ છે. એમાં અનેક પાસાઓ છે, પ્રયોગો કરીને, નિરીક્ષણો કરીને માનવજાતે આજે વિસ્મયકારક સંશોધનો કર્યા અને અનેક જાતનાં અત્યાધુનિક ભૌતિક સાધનો સર્જી આપ્યા છે એ જ રીતે એણે ભિન્ન ભિન્ન વિચારસરણીઓ, ભિન્ન ભિન્ન ધાર્મિક સંપ્રદાયો, જીવનરીતિઓ સર્જી તો બીજી બાજુ એની સૌંદર્યમૂલક દૃષ્ટિએ વિવિધ કલાઓનો જન્મ થયો. ગૂફાવાસી આદિમાનવે ચિત્રો અને મૌખિક પરંપરા (ઓરલ ટ્રેડિશન)માં કહેલી વાર્તાઓથી આરંભાયેલ આ યાત્રા આજે તો અબજોનું બજાર પણ સર કરે છે અને માનવચિત્તને રિલેક્સ કરવામાં અનેક કલાઓ મોખરાનું અને અનિવાર્ય એવું સ્થાન ધરાવે છે અન્ય કલાઓને મુકાબલે સાહિત્યકલા સ્વાભાવિક જ સમાજના પ્રતિબિંબને સીધું જ ગ્રહણ કરે છે અને અભિવ્યક્ત પણ કરે છે એટલે સમાજ અને સાહિત્યનો સંબંધ હજારો વર્ષથી અભિન્નરૂપે એકબીજાને પ્રેરનારો, પોષનારો અને પ્રસરાવનારો રહ્યો છે. આ સાહિત્યકલા સમાજને પોતાનામાં કઈ રીતે સમાવે છે, એ રચનાઓ પાછળ કેવી કેવી માન્યતાઓ, કેવી કેવી રીતો, કેવા કેવા બદલાવ કરતી હોય છે ને સામે પક્ષે સમાજ પોતે કઈ રીતે સાહિત્યકલાનો પોતાના વિકાસમાં, પોતાના સંવર્ધનમાં, શોધનમાં અને ચાલકબળ તરીકે ખપમાં લે છે એ હમેશાં વિચારકો દ્વારા ચર્ચા-વિચારણાની કેન્દ્રમાં રહેલ મુદ્દો છે જેમ સાહિત્યના વિદ્યાર્થી માટે સમાજને સમજવો અનિવાર્ય છે એ જ રીતે સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ જો સાહિત્યકળાને ન સમજે, એણે જન્માવેલ આન્દોલનો, એણે સર્જેલ કૃતિગત સમાજકારણને ન સમજે ત્યાં સુધી અધૂરો જ રહી જવા પામતો હોય છે. બંનેને એકબીજાના પૂરક, પોષક અને સંવર્ધક તરીકે પણ આપણે સમજવા એ સાહિત્યના સમાજશાસ્ત્રનો રસનો સંશોધન સંશય છે ત્યારે આ સંદર્ભના કેટલાક પાયાના સવાલો અને સંશોધક

https://www.gapbhasha.org/

તરીકેની કેટલીક કાળજી રાખવી આવશ્યક છે.

## સાહિત્યના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર:

જ્ઞાનની એક નવવિકસિત શાખા તરીકે સાહિત્યના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર શું છે? સમાજશાસ્ત્રી સાહિત્યમાંથી કઈ સામગ્રીનો ઉપયોગ પોતાના અભ્યાસમાં કરે છે?,વગેરે પ્રશ્નોનો કોઈ એક કે અંતિમ જવાબ આપવો સંભવ નથી. જ્યારે સમાજશાસ્ત્રનું વિષયક્ષેત્ર લાંબા સમયથી વિવાદાસ્પદ છે તથા સાહિત્યનું અધ્યયન માત્ર સમાજશાસ્ત્રી જ નહીં પરંતુ સાહિત્યકાર, સાહિત્ય સમીક્ષક અને આલોચક વગેરે પણ કરી રહ્યા છે ત્યારે સાહિત્યના સમાજશાસ્ત્રનું અધ્યયનક્ષેત્ર નક્કી કરવું તે એક ઉકેલ માંગતા કોયડા સમાન છે.

સાહિત્યના સમાજશાસ્ત્રના વિષયવસ્તુનો આધાર સાહિત્ય છે. જેમાં પદ્યમાં કવિતા, ગઝલ. ગીતઅને ગદ્યમાં નવલિકા, નવલકથા, નાટક વગેરેનો સમાવેશ થાય છે. સાહિત્યની ઉત્પત્તિ, વિકાસ, ઇતિહાસ વગેરેનો સમાવેશ પણ તેમાં થાય છે. સાહિત્ય સમાજનું કોઈ તસવીરી પ્રતિબિંબ નથી પરંતુ સ્વયં એક સંકુલ છે, કારણ કે, કૃતિમાં આવતી સૂક્ષ્મ વિગતોને સંશોધકે ચકાસવી પડે છે, લેખન પાછળના તાણાવાણા ઉકેલવા પડે એમ હોય છે. ઉપરાંત, આ સંકુલ રચનાને ઘડનારી અન્ય સંરચનાઓ, આંતરક્રિયાઓ અને વ્યવસ્થાને શોધવી તે સાહિત્યના સમાજશાસ્ત્રીનું અગત્યનું કાર્ય છે.

## સાહિત્ય સર્જનની પ્રક્રિયા અને સામાજિક આંતરક્રિયાઓ:

મૉલ્કમ બ્રેડબેરી કહે છે, ‘સાહિત્યના સમાજશાસ્ત્રમાં સાહિત્યના સમાજમાં પ્રેરણાત્મક રૂપનું અધ્યયન અને તેના આધારે વિશ્વની સમજણ તથા પ્રભાવનું મૂલ્યાંકન થઈ શકે છે’. તેઓ સાહિત્યને સમાજની અભિવ્યક્તિના રૂપમાં અધ્યયન કરવાની બાબત ઉપર ભાર મૂકે છે. તેઓ કહે છે કે, ‘સાહિત્યસર્જનની પ્રક્રિયા સામાજિક આંતરક્રિયાઓનું પરિણામ છે, જે માનવવ્યવહારને પ્રભાવિત કરે છે અને તે લેખક અને વાચકોની વચ્ચે સંબંધ સ્થાપે છે’ તેથી ચોક્કસ સમય (યુગ)માં એક ચોક્કસ સમાજ પોતાના લેખકો સાથે કેવો વ્યવહાર કરે છે અને સાહિત્યિક ગતિવિધિઓનું શું કાર્ય છે અને તેનું પરિણામ શું આવે છે, વગેરેનો વિચાર સાહિત્યના સમાજશાસ્ત્રના અધ્યયનક્ષેત્રમાં સમાયેલો છે.[૧]

અમેરિકન સમાજશાસ્ત્રી જોસેફ રુસેક સાહિત્યના સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં કૃતિની ઉત્પત્તિ, તે કૃતિનો સમક્ષેત્રીય તથા ભિન્ન ક્ષેત્રીય કૃતિઓ સાથે સંબંધ, ચોક્કસ (યુગ) કાળમાં કૃતિની સ્વીકૃતિ કે અસ્વીકૃતિ, સંસ્કૃતિનાં પ્રાથમિક મૂલ્યોની અભિવ્યક્તિ, કલાનું કોઈ વિશિષ્ટ સ્વરૂપ ગ્રહણ કરવું, સાંસ્કૃતિક મૂલ્યોનું રક્ષણ કરવામાં સફળતા, કૃતિની સર્જનાત્મક ભૂમિકામાં સમાજ અને સંસ્કૃતિની ભૂમિકા, લેખકનું વ્યક્તિત્વ, પ્રવર્તમાન પ્રકાશન વ્યવસ્થા તથા સાહિત્યના સામાજિક પ્રભાવના અધ્યયનનો સમાવેશ કરે છે.[૨]

સાહિત્યકૃતિ માનવીય સંબંધોનું સ્વરૂપ નક્કી કરવામાં સહાયક થાય છે. તેની જટિલ સંરચનાથી સાહિત્યિક સમાજનું નિર્માણ થાય છે તથા કૃતિમાં પ્રતિબિંબિત સામાજિક સંરચનાનું અધ્યયન સાહિત્યના સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં આવે છે. સાહિત્યના સમાજશાસ્ત્રીનું કાર્ય ઉપલબ્ધ સાહિત્યિક કૃતિઓમાંથી વૈજ્ઞાનિક ઉપયોગનાં તથ્યોને ટૂંકમાં પ્રસ્તુત કરવાનું છે. સાહિત્યના સમાજશાસ્ત્રે માનવીના સમાજજીવન સાથે સંબંધિત એવી ઘટનાઓ અને વિભિન્ન વર્તન-વ્યવહારોનું અધ્યયનકાર્ય હાથ ધર્યું છે. આમ, સાહિત્યનાં આલેખનોની વિષયસામગ્રી સાહિત્યના સમાજશાસ્ત્રનું અભ્યાસ ક્ષેત્ર બન્યું છે.

સાહિત્યના સમાજશાસ્ત્રી તરીકે જાણીતા ડૉ. કલ્યાણી આર. ભટ્ટ ‘સાહિત્યનું સમાજશાસ્ત્ર પુસ્તક’ (વર્ષ ૨૦૦૮)માં સાહિત્યના સમાજશાસ્ત્રના વિષયક્ષેત્ર વિશે જુદા-જુદા વિદ્વાનોએ પોતાનો મત આપ્યો છે તેને આધારે સાહિત્યના સમાજશાસ્ત્રની વિષયસામગ્રી (અભ્યાસક્ષેત્ર) નીચે પ્રમાણે દર્શાવે છે :

- સાહિત્યની સામાજિક ઉત્પત્તિ, વિકાસ અને ઇતિહાસનું અધ્યયન કરવું.
- સાહિત્યનાં આંતરિક અને સાર્વત્રિક મૂલ્યો, સાહિત્યિક પરંપરાઓ અને સામાજિક-સાંસ્કૃતિક પ્રતિમાનોનો અભ્યાસ કરવો.
- સાહિત્યનાં વિવિધ સ્વરૂપોની ઉત્પત્તિ, વિકાસ અને તેમની સામાજિક સ્વીકૃતિ અને અસ્વીકૃતિના આધારોનો અભ્યાસ કરવો.
- સાહિત્યિક વિચારધારાઓનો ઉદ્દભવ , વિકાસ અને સાહિત્ય ઉપર તેના પ્રભાવનો અભ્યાસ કરવો.

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS

➢ સાહિત્યને સાર્વત્રિકતા, શાશ્વતતા અને સાર્વભૌમિકતા પ્રદાન કરવાવાળાં તત્ત્વોનો અભ્યાસ કરવો.

➢ સાહિત્યમાં વર્ણવાયેલી બાબતોનો અભ્યાસ, જેમ કે, સમાજ અને સંસ્કૃતિનાં પ્રતિબિંબોનું સ્વરૂપ, સામાજિક રચનાતંત્ર, સામાજિક સંસ્થાઓ, સામાજિક પરિવર્તન, સામાજિક વિકાસ, પ્રગતિ અને સામાજિક વિચલન, સામાજિક નિયંત્રણનાં સ્વરૂપો, વ્યક્તિ અને સમાજના સંબંધો, સામાજિક પ્રક્રિયાઓ, વગેરેનો અભ્યાસ કરવો.

➢ સાહિત્ય સંસ્થાની સંરચનાત્મક બાબતોનું અધ્યયનનું મહત્વ:

સાહિત્ય સંસ્થાની સંરચનાત્મક બાબતોનું અધ્યયનનું કરવું એ સાહિત્યના સમાજશાસ્ત્રના સંશોધકો માટે અત્યંત મહત્વ છે જેને મુદ્દાસર આ મુજબ સમજી શકાય :

(i) સાહિત્યક મૂલ્યો, રીતિઓ, પરંપરાઓ અને સામાજિક મૂલ્યો તથા પરંપરાઓમાંથી સર્જાયેલી જટિલ અધિસંરચનાનો અભ્યાસ કરવો.

(ii) વૈયક્તિક સંરચનાને નક્કી કરતી વિભિન્ન બાબતો, જેવી કે, લેખકો, પાઠકો, આલોચકો, પ્રકાશકો વગેરેની વચ્ચે થતી આંતરક્રિયાઓ, તેઓની સામાજિક ભૂમિકા અને દરજ્જો, એ દરજ્જા-ભૂમિકામાં આવતા રહેતા ચઢાવ-ઉતાર, સામાજિકીકરણ, સંદર્ભજૂથ, વ્યક્તિમત્તા, પરસ્પર વ્યવહાર પ્રતિમાન, પુરસ્કાર વ્યવસ્થા (બદલો-Reward) અને તેનું મનોવિજ્ઞાન, સામાજિક સ્વીકૃતિ કે અસ્વીકૃતિ, પરસ્પર સહકાર અને સંઘર્ષનો અભ્યાસ કરવો.

(iii) લેખક, પાઠક, પ્રકાશક અને આલોચક, વગેરેના સંબંધોની જટિલ સંરચના ઘડનારી આર્થિક, સામાજિક, રાજકીય અને કાયદાકીય બાબતોનો અભ્યાસ કરવો.

➢ સાહિત્ય સંસ્થાની કાર્યાત્મક બાબતોનો અભ્યાસ, સાહિત્યનો ઉદ્દેશ, મધ્યવર્તી વિચાર અને વિષયનો અભ્યાસ, ધ્યેય સિદ્ધિમાં સફળતા, સાહિત્યની સામાજિક ઉપયોગિતા, સામાજિક વ્યવસ્થા, નિયંત્રણ અને સામાજિક પુનર્નિર્માણમાં સાહિત્યનું યોગદાન, વગેરેનો અભ્યાસ કરવો.

➢ કૃતિની ભાષાશૈલી, પ્રતીકાત્મકતા, વગેરેનો કૃતિકારના વ્યક્તિગત તથા સામાજિક પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ કરવો.

➢ સમાજશાસ્ત્રીય માન્યતાઓના આધારે સાહિત્યના અસ્તિત્વ અને ઔચિત્યનું નિર્ધારણ તથા વર્ગીકરણ કરવું.

➢ સાહિત્ય-ઇતિહાસના ઔચિત્યનું નિરૂપણ તથા ઐતિહાસિક વિકાસક્રમમાં સમાજ અને તેની સંસ્થાઓના ક્રમિક વિકાસનું અધ્યયન કરવું.

➢ સાહિત્યનો સમાજશાસ્ત્રીય ઢબે અને સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષથી અભ્યાસ કરીને સાહિત્યમાં વ્યક્ત થતી સામાજિક સમસ્યાઓ, સામાજિક વિચારસરણી, વલણો અને તેમાં આવતાં પરિવર્તનો, સમાજની રચના અને તેમાં આવી રહેલાં પરિવર્તનોની સમીક્ષા કરવી.

આમ, સાહિત્યના સમાજશાસ્ત્રએ માનવીના સમાજજીવન સાથે સંબંધિત એવી ઘટનાઓ અને વિભિન્ન વર્તનવ્યવહારોનું અધ્યયનકાર્ય કરવાનું રહે છે. એ રીતે સાહિત્યની વિષયસામગ્રી સાહિત્યના સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર બન્યું છે. [3]

## સાહિત્યના સમાજશાસ્ત્ર શાખામાં ખાસ ચીવટ:

'સાહિત્યના સમાજશાસ્ત્ર શાખામાં સંશોધન કરવા માગતા સંશોધકોને ખાસ ચીવટ રાખવી પડે. જ્યારે સાહિત્યના કોઇપણ પાસાનો સંશોધન દૃષ્ટિકોણથી સમાજશાસ્ત્રીય રીતે મૂલ્યાંકન કરતા હોઇએ ત્યારે અનેક બાબતોને લક્ષમાં રાખવી આવશ્યક છે. ઉદાહરણ તરીકે જોઇએ તો સાહિત્યમાં રજૂ થતાં રહેલાં સામાજિક પાસાં, સ્વરૂપો, માળખાં, કાર્યો, નિયંત્રણો, પરિવર્તનો, આયોજનો વગેરે તેના અભ્યાસક્ષેત્રને નક્કી કરે છે. આવાં અનેકવિધ પરિબળો પેઢી-દર-પેઢી એક સમુદાયથી બીજો સમુદાય, એક સંસ્કૃતિથી બીજી સંસ્કૃતિ વગેરેમાં સાહિત્યક્ષેત્રની સામગ્રી બનીને આલેખિત થયાં કરે છે. આ ઉપરાંત કૃતિ પાછળના સમય સંદર્ભ, સ્થળ સંદર્ભ અને સંવાદ સંદર્ભને પણ વ્યવસ્થિત રીતે સમજવો જોઇએ અન્યથા કૃતિનું સામ્માજિક વિશ્લેષણ યોગ્ય રીતે તારવી ના શકાય. [3]

આમ, સાહિત્યના સમાજશાસ્ત્રનું અભ્યાસ ક્ષેત્ર ઘણું વિશાળ છે. તેમાં વિશ્લેષણની પદ્ધતિના ઉપયોગથી સંરચનાત્મક, કાર્યાત્મક, તુલનાત્મક, સમસામયિક, નિયતકાલીન, ગત્યાત્મક એમ વિભિન્ન અભિગમો, પદ્ધતિઓ અને દૃષ્ટિકોણોથી અભ્યાસો થઈ રહ્યા છે અને નાના નાના વિષયવસ્તુના સઘન અભ્યાસો દ્વારા સુગ્રથનાત્મક અભ્યાસની પદ્ધતિ (Integrated Study) સ્થપાઈ રહી છે. તે દરેકની મદદથી સમાજજીવનનાં કૌટુંબિક, ધાર્મિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક, વગેરે પાસાંઓને

https://www.gapbhasha.org/

આવરી લઈને અભ્યાસો થાય છે. સામાજિક પરિવર્તનો, સામાજિક સમસ્યાઓ અને સામાજિક સંબંધોની પરસ્પર ઢબનો પણ અભ્યાસ થાય છે.

## સંદર્ભ:

[1] મોલ્કમ બ્રેડબેરી : સાહિત્ય ઔર સમાજશાસ્ત્ર, પૃષ્ઠ : ૮

[2] J. S. Roucek : "The Sociology of Literature", Indian Journal of Research, Vol.-II, No.-2, July, 1961. Page No. 26-27

[3] ડૉ.કલ્યાણી આર. ભટ્ટ : પુસ્તક, 'સાહિત્યનું સમાજશાસ્ત્ર', વર્ષ : ૨૦૦૮

[4] હરિકૃષ્ણ રાવત, સમાજશાસ્ત્ર વિશ્વકોશ, રાવત પબ્લિકેશન, પૃષ્ઠ ૪૦૯

https://www.gapbhasha.org/